# ગ્રામસ્વરાજ

ચિંતન

# આપણું ગામડું, આપણું ગૌરવ

આપણે પસંદગી કરવાની હોય ત્યારે આપણે શું પસંદ કરીએ છીએ ? કુદરતી કે કૃત્રિમતા ? ચાંદની રાતનો શીતળ પ્રકાશ કે વીજળીના દીવાનો પ્રકાશ ? નદી, સાગર, ઝરણાનું જળ કે ડેમનું બંધિયાર પાણી ? આનંદ માની ગોદમાં કે પરાયાના પ્રેમમાં ? ઘરનો મીઠો રોટલો કે હોટલનો ? અહોભાવ ઈશ્વરીય સર્જનમાં કે સ્વસર્જનમાં ? અહોભાવ હંમેશા ઈશ્વરીય સર્જનમાં જ થાય છે. એટલે આખરે ઈશ્વરીય સર્જન એવાં ગામડાંઓ જ બધાને ગમે છે.

શહેરો આપણે બનાવ્યા, ગામડાં ઈશ્વરે બનાવ્યા. શહેર એટલે સંસ્કૃતિ, ગામડું એટલે પ્રકૃતિ, શહેર એટલે કૃત્રિમતા અને ગામ એટલે કુદરત. શહેર એટલે સભ્યતા અને ગામ એટલે સરળતા. શહેર એટલે ચંચળતા અને ગામ એટલે નિખાલસતા. શહેર એટલે પ્રગતિ તો ગામ એટલે પરિતૃપ્તિ. એટલે તો રવિશંકર મહારાજે સહજ સાચા ભાવે લખ્યું છે કે : ''ભેગા મળીને જીવે તે ગ્રામ્ય સંસ્કૃતિ, ભેગું કરીને જીવે તે શહેરી સંસ્કૃતિ.'' આ વિધાનમાં ગામડાંઓનો મહિમા અમાપ વર્ણવાયેલો છે. એટલે તો ભગવાન શ્રીકૃષ્ણ ગોકુળ મથુરામાં રહીને વૈકુંઠને ભૂલી ગયા હતા.

ભારત પ્રાચીન સમયથી ગામડાંમાં વસતો દેશ છે. ભારતની વસ્તીના લગભગ ૬૦% જેટલા લોકો આજે પણ ગામડાંમાં વસી રહ્યા છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પ્રકૃતિની ગોદમાં જીવતું અને ખેતી વડે સોના જેવો પાક પકવતું ગામડું કોને ન ગમે ? એટલે જ તો આપણો દેશ 'કૃષિપ્રધાન ભારત, ગ્રામીણ ભારત' કહેવાય છે. વિશ્વભરમાં ભારતની આ જ સાચી ઓળખ છે. સમયના પરિવર્તને તથા વૈશ્વીકરણના વાયરાએ આજના ગામડાંઓની ભારે દુર્દશા કરી છે. પરિણામે ગામડાંઓ ભાંગી રહ્યા છે. બધાને શહેરની ભૌતિક સગવડતાઓ અને વૈભવી જીવનનો મોહ વળગ્યો છે. બધાં ગામડાંઓના સહજ, સરળ, શુદ્ધ અને સુંદર પ્રાકૃત્તિક જીવનને ભૂલ્યા છે. ગામડાં ભાંગીને શહેરો ભલે મોટા થતા હોય છતાં એ મોટાં શહેરોના કારણે ગામડાંની સંખ્યા કંઈ એકદમ ઘટી જવાની નથી. આપણે હિંદુસ્તાનના દર્શન કરવા માટે, શુદ્ધ હવા, પાણી, ખોરાક મેળવવા

**નવીન વી. વાછાણી**
૩૦૧, સિદ્ધિ વિનાયક એપાર્ટ, આસ્થા રેસિડેન્સી પાછળ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ-૪
મો.૯૯૭૯૪૬૯૯૧૭

માટે તથા આરોગ્યમય સુખી જીવન માટે આખરે ગામડાંમાં જ જવું પડશે તે દિવસો હવે દૂર રહ્યા નથી.

માનવીને ગ્રામજીવન એટલા માટે ગમે છે કે ગામડાંમાં પ્રકૃતિ મોકળા મને ખીલતી હોય છે. ચોતરફ લીલાછમ ખેતરો, ગામનું પાદર, ગોધન, મંદિરો, દેરીઓ, ખુલ્લા મેદાનો, વનરાજી, ખુલ્લો પવન અને નદીનાળા, ઝરણાં એ દરેકનું અનુપમ સૌંદર્ય. ખાડા-ટેકરાંઓથી રમ્ય ધરતીનું આકર્ષણ પણ પ્રકૃતિ પ્રેમીઓને ઓછું હોતું નથી. તાજો શુદ્ધ ખોરાક, કૂવા કે વહેતી નદીનું સ્વચ્છ પાણી, તાજા શાકભાજી, ફળો, દૂધ, ઘી વગેરે અહીં સરળ અને સોંઘા છે, આરોગ્યવર્ધક છે. ગામડાંનું જીવન મુખ્યત્વે સાદું, સરળ, ઉપકારક અને પવિત્ર હોય છે. ગામડાંમાં માનવીની માનવ તરીકે કિંમત છે. ગામડાંના ગરીબ ઘરનું આતિથ્ય શહેરના કરોડપતિના આતિથ્યને પણ ઝાંખું પાડી દે છે. ખરી સંસ્કૃતિના દર્શન તો ગામડાંમાં જ થાય છે. સમાજના રીતરિવાજો, પ્રણાલિકાઓનું સાચું પ્રતિબિંબ ગામડાંઓ જ છે. શહેરો પશ્ચિમની સંસ્કૃતિનું અનુકરણ કરે છે જ્યારે ગામડાં પ્રાચીન પરંપરાને જાળવી રાખે છે. આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક બંધનો ગામડાંમાં ટકી રહ્યા છે જે પરંપરા ગામડાંના વ્યક્તિત્વને વિશિષ્ટતા અર્પે છે.

ગામડું એટલે પ્રદૂષણથી મુક્ત, પછી એ પ્રદૂષણ હવા, પાણી, ખોરાક, અવાજ, સમાજ સંબંધી કે રાજનીતિ એ બધાથી મુક્ત હોય. ઋષિ સમાન વૃક્ષો હોય. ખુલ્લા ખેતરો અને લીલીવાડીઓ હવાને શુદ્ધ રાખે. વહેતી નદીની અહીં પૂજા થાય. અહીં કોઈ કચરો નદી કે તળાવમાં ન નખાય. ગામડાંનું જીવન મીઠાશભર્યું હોય. અહીં બનાવટી રોનક ન હોય. લોકોના હૃદય વિશાળ હોય. વડીલોની સંભાળ અને બાળઉછેર પ્રેમ ભરેલો હોય. અહીં સુખ-દુઃખના પ્રસંગો અંગત ન રહેતા ગામનો પ્રસંગ બની જાય. અહીં દરેક સંબંધો એકબીજાના હેત અને પ્રેમથી જોડાયેલા હોય છે. આમ પહેલા ગામડું એ સ્વયં એક કવિતા હતું. કવિઓ, લેખકો તેના ગુણગાન કરવામાં ક્યારેય તૃપ્ત થતા ન હતા.

હવે જોકે ગામડાંઓમાં પણ હાલ આળસ, અજ્ઞાન, અંધશ્રદ્ધા, વ્યસનો, દ્વેષ, ઈર્ષ્યા, અસ્વચ્છતા જેવા દુર્ગુણો વધી રહ્યા છે જે ગામડાંઓની ગરિમાને ઝાંખપ પહોંચાડી રહ્યા છે.

શહેરી જીવનની બાહ્ય સગવડતાની ભીતરમાં શું હોય છે તે વિચારવા જેવું છે. ત્યાં જોવા મળતી સારી શાળા-કૉલેજો, સારી આરોગ્ય સેવાઓ તો છે જ સાથે સાથે ત્યાં જોવા મળતી ક્લબો, હોટલો અને મિજલસો વગેરેમાં કૃત્રિમતા સિવાય બીજું શું માલૂમ પડે છે ? શહેરી જીવનમાં હેતભાવ, સ્વાર્થત્યાગ, નિખાલસતા અને નિર્મળ પ્રેમ ઓછા જોવા મળે છે. શહેરના હવા, પાણી, ખોરાક, પ્રદૂષિત

રોગજન્ય હોય છે. હાલ શહેરીજીવન ઝડપી, અશાંત અને ઉપર ચોટિયું બની ગયું છે. અકસ્માત, ગુંડાગીરી, છેતરપિંડીના બનાવો શહેરો માટે અત્યંત સ્વાભાવિક થઈ રહ્યાં છે. સંપત્તિના અનેક અનિષ્ટોનું સર્જન શહેરોમાં થાય છે.

વધારવું પડશે.

શહેરો અને ગામડાં બંને તેની ખૂબીઓ અને ખામીઓ સાથે અસ્તિત્વ ધરાવે છે પરંતુ ગામડાંઓ ખૂબીઓ અને શ્રેષ્ઠતાની રીતે પ્રકૃતિની વધારે નજીક છે તેથી તે બધાને ખૂબ ગમે છે. આપણે એટલું સમજવાની અને

**ભારતની વસ્તીના લગભગ ૬૦% જેટલા લોકો આજે પણ ગામડાંમાં વસી રહ્યા છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પ્રકૃતિની ગોદમાં જીવતું અને ખેતી વડે સોના જેવો પાક પકવતું ગામડું કોને ન ગમે ? એટલે જ તો આપણો દેશ 'કૃષિપ્રધાન ભારત, ગ્રામીણ ભારત' કહેવાય છે. વિશ્વભરમાં ભારતની આ જ સાચી ઓળખ છે. સમયના પરિવર્તને તથા વૈશ્વીકરણના વાયરાએ આજના ગામડાંઓની ભારે દુર્દશા કરી છે.**

ખેતી, ખેડૂત અને ગામડાંઓનું મહત્ત્વ ક્યારેય ઓછું થવાનું નથી. તેનું મૂલ્ય અમૂલ્ય છે. બધાના પોષણ-ખોરાક માટેનો વ્યવસાય ખેતી એ ખૂબ જ આદરપાત્ર વ્યવસાય છે, જે ગામડાંઓમાં જ રહેલો છે. આપણી સંસ્કૃતિમાં કૃષિકાર્યને ઉત્તમ કોટિનો દરજ્જો આપવામાં આવેલો છે. ગાંધીજીએ કહ્યું હતું કે : 'ભારતનો આત્મા તેના ગામડાંઓમાં વસે છે.' સ્વામી વિવેકાનંદે પણ લખ્યું છે કે : "ભારતને જગાડવું, જીવાડવું હોય તો તેના ગામડાંઓને જગાડો, જીવાડો." આજે આ સમાજની દરેકને જરૂર છે. આ ગામડાંઓ જ દેશના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસના આધાર રહ્યા છે. ભારતને સ્વર્ણિમ ભારત બનાવવું હશે તો ગામડાંઓના ગ્રામ્યજીવનના વિનાશ અટકાવવો પડશે. ગ્રામ્યજીવનનું મહત્ત્વ સ્વીકારવાની જરૂર છે કે માણસ શહેરમાં રહે કે ગામડાંમાં, શહેરની વૈભવશાળી જીવન ઝંખનામાં આપણે માનવતા, પ્રેમ, લાગણી, સહકારની ભાવના, આધ્યાત્મિકતા અને અસ્મિતા ન ગુમાવીએ, શહેરના બાહ્ય દેખાવના ભભકામાં આપણે આંતરિક સુંદરતા ના ખોઈ બેસીએ. આપણે હવે એ નક્કી કરવાનું છે કે ટૂંકાગાળાનો ઝગમગાટ દેખાડતા શહેરો પસંદ કરવા છે કે પછી આજીવન સુખ-શાંતિ આપતા, પ્રકૃતિની નજીક રહેવાની તક પૂરી પાડતા ગામડાં પર પસંદગી ઉતારવી છે ? જે સુખ, શાંતિ, આનંદ અને આરોગ્ય ગામડાંઓમાં છે તે શહેરોમાં નથી. આપણે સૌએ શહેરોના માનસિક તનાવવાળા દંભીજીવન સામે પ્રાકૃતિક જીવન જીવતા ગામડાંઓનું ગૌરવમય જીવન પણ સ્વીકારવું જોઈએ.

સાંપ્રત

# સહકારી સંસ્થાઓ પર સને ૨૦૨૪-૨૫ના બજેટની અસર

નાણાંપ્રધાન શ્રી સીતારામણે સને ૨૦૨૪-૨૫ના રજૂ કરેલા બજેટમાં ભાવિ યોજનાઓના માધ્યમથી દેશના વિકાસની રૂપરેખાની છબિ ઊપસી આવે છે. આ બજેટમાં ખેડૂતો, ગરીબો, મહિલાઓ, પશુપાલકો તેમજ મત્સ્યપાલકોને ઉત્કર્ષની સ્પષ્ટ ઝલક દેખાય છે. બજેટમાં આધારભૂત સંરચનાને વેગ આપીને રેલવે કોરીડોર બનાવીને, સરકારે જે પગલા ભર્યા છે તેનાથી રોજગાર તો વધશે જ સાથોસાથ દેશમાં વિકાસની ગતિ પણ ઝડપી બનશે અને આ કાર્યમાં સહકારી સંસ્થાઓ મહત્ત્વની ભૂમિકા નિભાવશે.

સને ૨૦૨૪-૨૫નું કેન્દ્રીય બજેટ સહકારી ક્ષેત્ર પર ક્યાં કેવી અસર કરશે તેના ઉપર નજર કરીએ. બજેટમાં અનાજ સંગ્રહના ભંડારની વિકાસ યોજના છે જે સહકારી મંડળીઓના માધ્યમથી વિશ્વનો સૌથી મોટો અન્ન ભંડાર ભારતમાં હશે. ગ્રામ્યસ્તરની કૃષિ સહકારી મંડળીઓ ખેડૂતોની ખેતપેદાશનું વેચાણ કરવાની સાથોસાથ તેમના અનાજ સંગ્રહની કામગીરી પણ કરશે. જ્યારે ખેડૂતોને પોતાના અનાજ, ખેતપેદાશના ભાવ સારા લાગે ત્યારે તે તેને વેચશે. ત્યાં સુધી સહકારી મંડળી અને બેંક તે સંગ્રહની સામે ખેડૂતોને સસ્તુ ધિરાણ પ્રાપ્ત થશે. બીજું, ખેડૂતોના ઘરોમાં જે અનાજ ઘણુખરું બગડી-સડી જાય છે, મંડળીઓ વૈજ્ઞાનિક પદ્ધતિથી તે અનાજનો સંગ્રહ કરશે. પરિણામે ખેડૂતોને ખેતપેદાશનું યોગ્ય મૂલ્ય મળશે. બીજી બાજુ ગામડાંઓ, ગરીબોને અપવામાં આવતું અનાજ આ જ સહકારી મંડળીઓ પરથી જ મળશે જેનાથી પરિવહનનો ખર્ચ ઓછો થશે. આનાથી ખેડૂતો, ગરીબો તેમજ સહકારી મંડળીઓ એમ ત્રણેયને આર્થિક લાભ થશે.

**શ્રી વી.કે.દૂબે**
સલાહકાર
ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ, ન્યૂ દિલ્હી
અનુવાદક :
**કિરણ ચાંપાનેરી**
સી.ઈ.આઈ. પ્રકાશન
ગુજરાત રાજ્ય સહકારી સંઘ-અમદાવાદ

ખેડૂતોની આવક વધારવાને માટે આ બજેટમાં ભાર આપવામાં આવ્યો છે. આ કાર્યો સાથે સંકળાયેલ ત્રણ રાષ્ટ્રીય સ્તરની નવી સહકારી મંડળીઓ (૧) બીજ ઉત્પાદન અને વિતરણ (૨) જૈવિક ઉત્પાદન અને વિતરણ અને (૩) આયાત અને નિકાસ છે. આ ત્રણે

મંડળીઓથી ખેડૂતોની આવકમાં વધારો થશે.

બધા જાણે છે — સર્વવિદિત છે કે ભારતમાં એક ટકો ખેડૂતો જ શ્રેષ્ઠ બીજનું વાવેતર કરે છે. એક તો બિયારણ મળતું નથી. સારી ગુણવત્તાવાળું વિશ્વસનીય બિયારણ મળતું નથી. ઉપરાંત બિયારણ મોંઘા હોય છે. આ હેતુથી રાષ્ટ્રીય સહકારી બિયારણ મંડળી-સંસ્થા રચવામાં આવી છે. આ મંડળીઓ સારા બિયારણ આપશે અને ખેડૂતોના ખેતર ઉપર જ સારા પ્રમાણિત બિયારણનું ઉત્પાદન કરવામાં આવશે. પરિણામ સ્વરૂપે વધુ ઉત્પાદન તથા પ્રમાણિત બિયારણથી ખેડૂતોની આવકમાં વધારો થશે. ખેડૂતોના ખેતર ઉપર જ્યારે સારું ઉત્પાદન થશે ત્યારે જે નિકાસ માટે રાષ્ટ્રીય સ્તરની સહકારી સમિતિ-સંસ્થા રચવામાં આવી છે તે ખેડૂતોના ખેત ઉત્પાદનને સારા ભાવ આપી ખરીદીને નિકાસ કરશે. આનાથી કિસાનોની આવક વધશે. આના માટે બજેટમાં અગ્રતા આપવામાં આવી છે.

ભારતમાં સહકારી ડેરી અને પશુપાલનનું સ્થાન સૌથી ટોચ ઉપર છે. બજેટમાં તેના વિકાસ આપવા હેતુસર સ્પષ્ટ સંકેત આપવામાં આવેલ છે. આગામી ૩-૪ વર્ષોમાં ડેરી, મત્સ્ય અને કૃષિની બે લાખ નવી સહકારી મંડળીઓ રચવાનું લક્ષ્ય સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે રાખ્યું છે. પરિણામે ગરીબ, પશુપાલક અને મત્સ્ય ઉત્પાદક આ મંડળીઓ સાથે જોડાઈને પોતાની આર્થિક અને સામાજિક દશામાં સુધારો લાવશે.

બજેટમાં જૈવિક ઉત્પાદનને વૃદ્ધિ આપવાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. નવું સહકારિતા મંત્રાલય બન્યા બાદ એક રાષ્ટ્રીય સ્તરની જૈવિક સહકારી મંડળી-સંસ્થાની સ્થાપના રચના કરવામાં આવી છે. આ જૈવિક સહકારી સંસ્થા ખેડૂતોને જૈવિક ઉત્પાદન કરવા પ્રેરણા આપશે, ટેકનિકલ સુવિધા પૂરી પાડશે. ઉત્પાદનો પ્રમાણિત કરશે તથા સારા ભાવે ખરીદ કરશે અને તેના પરિણામે ખેડૂતોને વધુ કિંમત-ભાવ મળશે. આમ, આ ત્રણે સહકારી સંસ્થાઓને બજેટનો અવશ્ય લાભ મળશે.

આ બજેટમાં કૃષિ રૂપાંતરણને વેગ આપવા માટે જોગવાઈ કરવામાં આવી છે. આમાં સહકારી મંડળીઓ અને ખેડૂત ઉત્પાદક સંગઠન (એફ.પી.ઓ.) મોટી ભૂમિકા નિભાવશે. જેનાથી ખેડૂતોની આવક તો વધશે સાથોસાથ ખેતઉત્પાદન જે બગડી જાય છે તેની કિંમત પણ ખેડૂતોને લાભરૂપે મળશે. તાજેતરમાં પ્રાથમિક સહકારી મંડળીઓના પેટાનિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આથી પ્રાથમિક સ્તરની સહકારી મંડળીઓ કૃષિ રૂપાંતરણમાં પ્રવેશ કરશે તથા બજેટનો લાભ ઉઠાવશે.

બજેટમાં સંશોધન, નવી ટેક્નોલોજી, નેનો યુરિયા અને ડી.એ.પી.ને વધારવાની (વૃદ્ધિ આપવાની) યોજના છે. એ તો સર્વવિદિત છે કે એક સહકારી મંડળી ઈફકોને વિશ્વમાં સૌપ્રથમ

**(અનુ. પાના નં. ૨૫ ઉપર)**

નારીશક્તિ

# સાદું જીવન ઉચ્ચર વિચાર : સન્નારી સુધામૂર્તિ

લેખક, ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર સુધામૂર્તિના જીવનના ઘણા પરિમાણો છે કે તેમના વ્યક્તિત્વનું સીધું વર્ણન કરવું મુશ્કેલ બની જાય છે. તે તેની સ્પષ્ટતા અને સ્પષ્ટ વિચારો માટે સમય સમય પર હેડલાઈન્સમાં રહે છે. તેમની તાજેતરની ચર્ચા સેવા નિર્માણ વગેરે ક્ષેત્રોમાં તેમના યોગદાન માટે રાજ્યસભાના સભ્ય તરીકે નામાંકિત થયા અંગેની છે. કેટલીકવાર કોઈ પદ પર લાયક વ્યક્તિની નિમણૂક તે પોસ્ટને પણ ગૌરવ આપે છે.

સુધા મૂર્તિ વિશે પણ ઓછું એવું જ કહી શકાય. સમાજમાં તેમના અમૂલ્ય યોગદાન માટે તેમને પહેલાથી જ પદ્મશ્રી અને પદ્મ ભૂષણના મુખ્ય નાગરિક સન્માનો આપવામાં આવ્યા છે. સૌથી વધુ ચર્ચા તેમની સાદગીની છે. એવા સમયે જ્યારે ભારતમાં નિયો-ધનિકો પૈસા માટે કૂદવાનું શરૂ કરે છે, સુધામૂર્તિની સાદગી પ્રેરણા આપે છે. પોતે અબજોપતિ હોવા છતાં અને તેમના પતિની અબજો રૂપિયાની સંપત્તિ હોવા છતાં, તેમની સાદગી અનુકરણીય છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓના હિમાયતી સુધામૂર્તિ કહે છે કે તેણે છેલ્લા ત્રીસ વર્ષથી કોઈ નવી સાડી ખરીદી નથી. સાદગી તો જુઓ – જ્યારે તેણીએ ઈમિગ્રેશન ઓફિસરને લંડનમાં તેની પુત્રી અને જમાઈના ઘરે વડાપ્રધાનના નિવાસસ્થાન '૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ' જવા માટે તેનું સરનામું જણાવ્યું ત્યારે અધિકારીએ કહ્યું, 'તમે મજાક કરો છો?' પોતે અબજોપતિ હોવા છતાં સુધામૂર્તિ સાદું જીવન જીવે છે. તેમણે કોલેજના અભ્યાસથી લઈને જાહેર જીવનમાં એટલું બધું માનવીય સારું કામ કર્યું કે તેણીને હંમેશા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનું નામ કોલેજમાં ગોલ્ડ મેડલ જીતવાથી લઈને પદ્મશ્રી અને પદ્મ ભૂષણ સુધી છે. તે એક શિક્ષણશાસ્ત્રી, લોકપ્રિય લેખિકા અને સામાજિક કાર્યકર છે. તેમણે તેમની રચનાઓ માટે વૈશ્વિક ખ્યાતિ મેળવી છે. તે ઈન્ફોસિસ ફાઉન્ડેશનના ચેરપર્સન રહી ચૂક્યા છે.

આર.નારાયણ મૂર્તિ, ક્યારેક સાહસ મૂડીવાદી તેમની પુત્રી અક્ષતા મૂર્તિ તો ક્યારેક

બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક પોતાના નિવેદનોને કારણે હેડલાઈન્સમાં રહે છે. ટીવી અને સોશિયલ મીડિયા પર તેમના નિવેદનો રસપૂર્વક વાંચવામાં આવે છે. તાજેતરમાં, શાકાહાર પરના તેમના નિવેદનોને લઈને સોશિયલ મીડિયા પર ઘણી ગરમ ચર્ચા થઈ હતી. જેમાં તેમણે કહ્યું હતું કે જ્યારે તે વિદેશ જાય છે ત્યારે તે સૌથી પહેલા શાકાહારી હોટલ અને રેસ્ટોરાં શોધે છે. ખાસ કરીને, તે ચમચીનું ખાસ ધ્યાન રાખે છે જેથી તેનો ઉપયોગ તામસિક ખાદ્ય પદાર્થોમાં ન થાય. ટીકા પર, તેણી કહે છે કે આ કંઈ નવું નથી કારણ કે તેની પહેલાંની પેઢીના લોકો બહાર ખાવા માટે સમાન રીતે સાવચેત હતા. સુધામૂર્તિ હજુ પણ તેમના પતિ એન.આર. યુવાનોએ દર અઠવાડિયે સિત્તેર-એંસી કલાક કામ કરવું જોઈએ તેવા તેમના નિવેદનની ટીકા થઈ ત્યારે તે નારાયણ મૂર્તિના સમર્થનમાં ઊભા હતા. સુધાનો જન્મ એક સંસ્કારી બ્રાહ્મણ પરિવારમાં ૧૯ ઓગસ્ટ, ૧૯૫૦ના રોજ કર્ણાટકના હાવેરીમાં પિતા આર.એચ.કુલકર્ણી ડૉક્ટર અને માતા વિમલા શિક્ષિકાને ત્યાં થયો હતો. પ્રાથમિક અભ્યાસ પૂરો કર્યા પછી, તેણે કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં વ્યાવસાયિક શિક્ષણ મેળવ્યું. બાદમાં, તેમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાંથી કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી કરી.

તત્કાલિન મુખ્યમંત્રીએ તેમની પ્રતિભાનું સન્માન કરીને તેમને સુવર્ણચંદ્રક આપ્યો હતો. તે સમયે માત્ર થોડી છોકરીઓએ આ આધુનિક વિષયો પસંદ કર્યા. તેવી જ રીતે, ટાટા એન્જિનિયરિંગ અને લોકોમોટિવ કંપનીમાં પ્રથમ મહિલા એન્જિનિયર તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી. લોકોએ તેની સામે આશ્ચર્યથી જોયું કે શું એક મહિલા પણ એન્જિનિયર બની શકે છે.

સુધામૂર્તિ એક જાણીતા સાહિત્યકાર પણ છે. કન્નડ અને અંગ્રેજી સાહિત્યમાં તેમની વિશેષ ઓળખ છે. તેમણે તેમના સંવેદનશીલ લખાણોને કારણે ખૂબ જ લોકપ્રિયતા મેળવી હતી. તેણીને કન્નડની લેડી પ્રેમચંદ તરીકે પણ ઓળખવામાં આવતી હતી. તેણીએ ઘણી નવલકથાઓ, પ્રેરક લખાણો, તકનીકી પુસ્તકો અને પ્રવાસવર્ણનો લખ્યા છે. તેમનું બાળસાહિત્ય પણ ઘણું લોકપ્રિય બન્યું છે. તેમના પુસ્તકોનો વિશ્વની ઘણી ભાષાઓમાં અનુવાદ પણ થયો છે. ખૂબ જ સમૃદ્ધ પરિવારનો ભાગ હોવા છતાં, સુધામૂર્તિ સમાજના વંચિત, ઉપેક્ષિત અને દલિત વર્ગ માટે ઊંડી સહાનુભૂતિ ધરાવે છે. સમાજ કલ્યાણના કાર્યો માટે પણ તેમની વિશેષ ઓળખ રહી છે. ઈન્ફોસિસ ફાઉન્ડેશનના અધ્યક્ષ તરીકે, તેમણે સમાજ માટે નક્કર કાર્ય કર્યું. આ અંતર્ગત આરોગ્ય સંભાળ, સ્વચ્છતા અને ગરીબી નાબૂદી માટેના અભિયાનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમના પ્રયાસોથી હજારો પૂર પીડિતો માટે ઘરો બાંધવાનું શક્ય બન્યું. ઘણી શાળાઓમાં પુસ્તકાલયો બનાવવામાં આવ્યા હતા.

બેન્કિંગ

# લાંબી મુદતના કૃષિ સહકારી ધિરાણ માટેની સંસ્થાકીય વ્યવસ્થા

## પ્રસ્તાવના-પૂર્વભૂમિકા

૧૮મી સદીની આખરમાં આપણા દેશમાં ભયંકર દુકાળો પડતા ખેડૂતોની પાયમાલીમાં મોટો વધારો થયો તેની માઠી અસરો ગ્રામીણ ક્ષેત્ર ઉપર થઈ. ખેડૂતો અને ખેતી ઉપર ભયંકર અસરો પડી. ખેડૂતો પાસે ખેતી કાર્યો કરવા માટેના પૈસા કે બીજા જોઈતા જરૂરી સાધનો પણ ન હતા. નાના ખેડૂતો બધી રીતે પછાત હતા. શાહુકારોના દેવામાં તેઓ દબાયેલા. કચડાયેલા હતા. તેથી ખેતીની નિષ્ફળતાને કારણે તેમનું જીવન દોજખ બની ગયું હતું. ખેડૂતોએ તેમના કુટુંબના જીવનનિર્વાહ માટે, સારાં-માઠાં પ્રસંગો પાર પાડવા કે વૈદકીય સારવાર માટે શાહુકારો પાસેથી ભારે વ્યાજના દરે કરજો મેળવવા પડતા હતા. શાહુકારોનો આશરો તેમને થોડા સમય માટે રાહત. છૂટકારોનો દમ લેવા દેતો પણ એ બધી ટુંકાગાળાની રાહતો હતી. જે એમને કાયમી દેવામાં ડુબાડી દેતી હતી. એટલે ખેડૂતો શાહુકારોના વ્યાજના ચક્રમાં ફસાઈ જતા હતા. ઉત્તરોત્તર ભારે વ્યાજના બોજથી લદાયેલા ખેડૂતો શાહુકારોની આકરી શરતોના કારણે કરજ સમયસર નહિ પરંતુ કદીય પરત ના આપી શકાય તેવી કફોડી હાલતમાં મૂકાઈ જતા હતા. તેથી કહેવત પડેલી કે, 'ખેડૂતનો દીકરો દેવામાં જન્મે, દેવામાં જીવે અને મરે ત્યારે વારસામાં વારસદારો માટે દેવાનો ભાર મુકતો જાય.'

**ડૉ.વી.એમ.ચૌધરી,**
જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર,
ધ ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિ.,
નહેરૂબ્રિજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ

શાહુકારોની વ્યાજખોરી અને આકરી શરતોના કારણે ખેડૂતોનો શાહુકારો પરત્વે અસંતોષ તો રહેતો જ હતો. તેના પરિણામે ૧૮મી સદીની આખરમાં દક્ષિણ ભારતના ખેડૂતોએ શાહુકારો સામે બળવો કર્યો. નાણાં ધીરનાર શાહુકારોના કારમા કેર સામે સને-૧૮૭૫માં પુના અને અહમદનગરના ખેડૂતોએ શાહુકારો સામે ખુલ્લો જંગ છેડ્યો હતો. તે ઘટના હિંસામાં પરિણમતા મિલિટ્રીને બોલાવી તેને શાંત પાડવામાં આવેલ. ખેડૂતોનો અજંપો ઉત્તરોત્તર વધતો જતો હતો. વધુ સારી ખેતી કરી વધુ ઉત્પાદન મેળવવાની રીત એમની પાસે ન હતી. ખેતીકામ માટે સમયસર નાણાં, બિયારણ વગેરે મેળવવાની શાહુકારો સિવાય બીજુ સંસ્થાગત વ્યવસ્થાકીય માળખું પણ ન

હતું. આ જ અરસામાં દુષ્કાળના ઓળા દેશ ઉપર ઉતરી આવ્યા. ભારતના ગરીબ ખેડૂતો વધારે ગરીબીની ગર્તામાં ધકેલાતા ગયા. તત્કાલિન અંગ્રેજ સરકાર દ્વારા આ ગંભીર પરિસ્થિતિની ઊંડાણપૂર્વક તપાસ કરી નિરાકરણો સૂચવવા દુષ્કાળ કમિશન નિમવામાં આવેલું. આ કમિશને ૧૯૦૧માં રિપોર્ટ આપેલો કે- ખેતી કામ માટે મદદરૂપ બનતા શાહુકારો તો કેટલેક સ્થળે ભારે બોજારૂપ બની ગયા હતા. ભારે વ્યાજના દરો વસુલ લેવાની સાથે ગેરવાજબી લાભો મેળવવાનું શાહુકારો ચુકતા ન હતા. ખેડૂતોની જરૂરિયાતો તેમને લાચાર સ્થિતિમાં મૂકતી હતી અને દિવસો દિવસ ભારે દેવાદારીમાં ખૂપતા જતા હતા. વ્યાજથી ત્રાસી ગયેલા ખેડૂતો વારસામાં શાહુકારોનું દેવું મૂકી જતાં અને તેમાંથી તેમને મુક્ત કરાવવા છૂટકારોનો કોઈ માર્ગ મળતો ન હતો.

તે વખતે ભારત દેશમાં બ્રિટીશ સરકારનું શાસન હતું. આ પરિસ્થિતિની ગંભીરતા સમજીને બ્રિટીશ સરકારે આ સમસ્યાના ઉપાયો શોધવા પ્રયાસો કરેલા. સને-૧૯૮૯ના નિકોલસનના રિપોર્ટની ભલામણોના આધારે સંસ્થાકીય રાહે કૃષિધિરાણ આપવા માટે સહકારી ધિરાણ મંડળીની રચના માટે અલગ કાયદાની જરૂરિયાત જણાતા ૧૯૦૪માં સહકારી ધિરાણ મંડળીઓનો કાયદો અસ્તિત્વમાં આવ્યો. આપણા દેશમાં તે વખતની અંગ્રેજ સરકાર પ્રેરિત સહકારી આંદોલનનો વૈધાનિક રીતે પ્રારંભ સને-૧૯૦૪ના કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ એકટ નં. ૧૯૦૪થી થયો હતો. આ ચળવળનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને ખેતી વિષયક ધિરાણ આપવાનો હતો અને ત્યાર પછી જુદાજુદા બીજા ક્ષેત્રમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ થતા વર્તમાનકાળે આ પ્રવૃત્તિ એક વિશાળ વટવૃક્ષની જેમ વિકસી છે અને ફુલીફાલી છે. સને-૧૯૧૨માં બિનખેતી વિષયક કામકાજ માટે પણ સહકારી મંડળીઓની રચના કરવા માટે નવો કાયદો અમલમાં આવ્યો. તે પછી ૧૯૧૫ના મેકલેગન કમિટીના રિપોર્ટના આધારે સુપરવાઈઝીંગ બેન્કિંગ યુનિયનની રચના કરવાનો માર્ગ સરળ બન્યો. ત્યારબાદ સને-૧૯૧૯ના મોન્ટેગ્યુ ચેમ્સફર્ડના સુધારાઓના કારણે સહકારનો વિષય એ પ્રાંતીય સરકારને સુપ્રત કરવામાં આવતા સહકારી પ્રવૃત્તિને સ્થાનિક નેતાઓના અનુમોદન, પ્રોત્સાહન અને ઉત્તેજનો મળતા વિકાસ માટેના માર્ગ વધુ મોકળા બન્યા.

ખેડૂતોને આ કારમી સ્થિતિમાંથી ઉગારવા બેંક જેવા સંસ્થાકીય માળખા દ્વારા નાણાં સહાય, ધિરાણ મળે તે માટે સરકારે વિચારણા કરી. આ સંદર્ભમાં ભારતમાં સૌ પ્રથમ જમીન વિકાસ બેંકની સ્થાપના ૧૯૨૦માં પંજાબમાં થઈ હતી. પરંતુ તેને નિષ્ફળતા મળેલ. ત્યાર બાદ મદ્રાસમાં ૧૯૨૯માં આવી બેંકની સ્થાપના થઈ. તેને સફળતા મળી ત્યાર બાદ મુંબઈમાં ૧૯૩૩માં, મૈસૂરમાં ૧૯૩૫માં અને ત્યાર બાદ

વિવિધ સ્થળોએ આવી બેંકોની રચના કરવામાં આવી હતી. ૧૯૫૧માં સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર રાજ્ય સહકારી જમીન ગીરો બેંકની સ્થાપના થઈ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ ગણોતિયાઓને તેમના ખેડૂત હક ફાળવી જમીનના માલિકો બનાવવાનો હતો. અને તે હેતુ માટે જમીનની કિંમત ચૂકવવા તેમને લાંબી મુદ્દતના ધિરાણની સગવડ પૂરી પાડવામાં આવતી. આ એક ઐતિહાસિક ઘટના હતી કે ગણોતિયા ખેડૂતોને મોટી સંખ્યામાં જમીન માલિકો બનાવી બેંકે અજોડ સિદ્ધિ પ્રાપ્ત કરેલી.

**કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકનો ઉદભવ**

ગુજરાત રાજ્યની ૧૯૬૦માં રચના થતા આ બેંકને રાજ્ય કક્ષાની-ટોચની બેંકમાં ફેરવવામાં આવી અને તે વખતે તેનું નામ 'ગુજરાત રાજ્ય સહકારી જમીન ગીરો બેંક લિ. (લેન્ડ મોર્ટગેજ બેંક) રાખવામાં આવ્યું. તેનું સ્વરૂપ માત્ર લાંબી મુદતના ધિરાણ પૂરતું મર્યાદિત ન રહેતા ખેતી વિકાસ અને કૃષિ ઉત્પાદકતામાં વધારો કરવા આ બેંક દ્વારા વિકાસલક્ષી ધિરાણ કરવાનો વિશાળ હેતુ રાખવામાં આવ્યો. ૧૯૬૪ના વર્ષથી જમીન ગીરો બેંકનું નામ બદલીને 'ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક લિ.' તરીકે રાખવામાં આવ્યું. ત્યારબાદ ક્રાફીકાર્ડ સમિતિની ભલામણો અન્વયે કૃષિ અને ગ્રામીણ વિકાસના ઉદ્દેશો ધ્યાનમાં લઈ બેંકનું ફલક અને પ્રવૃત્તિઓ વિસ્તૃત બનાવતાં ૧૯૯૦થી આ બેંકનું નામ 'ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિ.' એવું નામ આપવામાં આવેલ છે.

આપણો દેશ સને-૧૯૪૭માં આઝાદ થતા આપણું લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું. આ સમયે બ્રિટીશ સલ્તનતની સાથોસાથ દેશી રજવાડાઓ પણ હતા. આ રજવાડાઓની પ્રજાને પણ જુદાજુદા દેશી રાજ્યોએ સ્વતંત્રતા આપી અને દેશી રાજ્યોનું એકત્રીકરણ થતાં રજવાડાઓ ભારત સાથે વિલીન થયા. આ સમયે સૌરાષ્ટ્રમાં જુદાજુદા ૨૦૨ દેશી રાજ્યો હતા, તે એકત્રિત થઈ ભારતના સાર્વભૌમત્વમાં વિલીન થતા સૌરાષ્ટ્રનું 'સી' પ્રકારનું અલગ રાજ્ય સને-૧૯૪૯માં અસ્તિત્વમાં આવ્યું હતું.

આ રાજ્યોમાં ખેતીની મોટાભાગની જમીન દેશી રજવાડાંઓની માલિકીની તથા તાલુકદારો અને ગિરાશદારોની હતી. જ્યારે ખેડૂતો એમાં મજુરી કરી પાક ઉત્પાદન કરવામાં ફાળો આપતા હતા. તેના બદલામાં ઉત્પાદનમાં થોડો ભાગ ઉભડ ગણોતીયા તરીકે તેઓને પ્રાપ્ત થતો. એમને જમીન ઉપરના કબજા માલિકી હક્ક હતા નહિ. સૌરાષ્ટ્ર રાજ્યએ જમીનદારી નાબૂદ કરી ખેડૂતોને ખેડે તેની જમીનના આધારે જમીનના કબજા હક અપાવવા માટે ગિરાશદારી નાબૂદીધારો તથા બારખલી નાબૂદી ધારો નામના બે કાયદા પસાર કર્યા. જમીન સુધારણા તરીકે ઓળખાતા આ કાયદાની જોગવાઈ મુજબ

ગિરાશદાર કે તાલુકદારની જે જમીન ગણોતિયા વાવતા હોય તેઓ જો વળતરની રકમ ગિરાસદારોને આપે તો તેમને જમીન ઉપરના કબજા હક્ક મળે. ખેડૂતો પાસે આવી રકમ ચૂકવવા પૈસા હતા નહિ તેથી તે વખતની સૌરાષ્ટ્ર સરકારે સહકારી આગેવાનો તેમજ ખેડૂતોની સાથે ચર્ચા વિચારણા કરી માર્ગ કાઢવા માટે સને-૧૯૫૧માં 'સૌરાષ્ટ્ર રાજ્ય સેન્ટ્રલ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ગેજ બેંકની રચના કરવામાં આવેલ. તા. ૬/૯/૧૯૫૧ના રોજ રજિસ્ટ્રેશન નંબર ૫૫૯થી રાજકોટ ખાતે નોંધણી કરવામાં આવેલ. આ બેંકની રચના કરવામાં પોરબંદરના યુવરાજશ્રી ઉદયભાણસિંહજીનું યોગદાન મહત્વનું રહ્યું હતું. તેઓ આ બેંકના સ્થાપક પ્રમુખ અને સને-૧૯૭૩ સુધી સતત ૨૨ વર્ષ બેંકના પ્રમુખપદે રહી બેંકના વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપ્યો હતો. આ રીતે ખેડૂતોને જમીન ઉપરના કબજા હક્ક અપાવવા માટે વળતરની રકમ ભરવા તથા જમીન ગીરો લઈ લાંબી મુદતનું ધિરાણ મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં સહકારી અગ્રણી શ્રી યુવરાજ ઉદયભાણસિંહજીનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું.

ખેડૂતોને પટનું ધિરાણ કરવાનું કામ ત્રણેક વર્ષમાં પૂરું થયું. તે દરમ્યાન સૌરાષ્ટ્ર રાજ્યમાં ગ્રામીણ સુધારણાના ક્ષેત્રે સામુદાયિક વિકાસ યોજનાઓ અને વિસ્તરણ યોજનાઓ શરૂ થતા આવા તમામ લોકોમાં આ બેંકે પોતાની શાખાઓ તાલુકા મથકે શરૂ કરેલી. પ્રારંભમાં આ બેંકે ખેડૂતોનું કરજ પરત ચૂકવવા લોન આપવાની કામગીરી હાથ ધરેલી. પરંતુ સૌરાષ્ટ્ર એકંદરે સૂકી ખેતી ઉપર આધારિત પ્રદેશ હોઈ તેથી પિયતની સગવડ વધારવા સૌરાષ્ટ્ર રાજ્યએ ખેતરે ખેતરે કૂવાની ઝુંબેશ કરતા આ બેંકે ખેડૂતો માટે કૂવા ગાળવાનું ધિરાણ આપવાની યોજના બનાવી. સને-૧૯૫૭ સુધીમાં નવા કૂવા ગાળવા તેમજ જુના કૂવા રિપેર કરવા ઉત્પાદનલક્ષી ધિરાણ કરવાની શરૂઆત કરી. તે પછી ટ્યૂબવેલ તૈયાર કરવા, કૂવા ઉપર ઓઈલ એન્જિન તેમજ ઈલેક્ટ્રીક પંપ-મોટર મૂકવા માટે મુડીકૃત કામો કરવા લોન આપવાની શરૂઆત કરેલી. સને-૧૯૫૮માં રેવન્યુ રાહે ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા અપાતી લાંબી મુદતની લોન (તગાવી લોન)ને બંધ કરી આવું ધિરાણ લેન્ડ મોર્ગેજ બેંક દ્વારા આપવાનું રાજ્ય સરકારે સ્વીકારતા બેંકના ધિરાણ કામકાજમાં વધુ વેગ આવવો શરૂ થયો.

સને-૧૯૫૭માં બૃહદ મુંબઈ રાજયની રચના થવા છતાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં લાંબી મુદતનું ધિરાણ કરવા માટે આ બેંકને માન્ય ગણવાનું ચાલુ રાખવામાં આવેલ. તેની ૭૩ શાખાઓ મારફતે ધિરાણનું કામકાજ હાથ ધરવામાં આવતું હતું. સને-૧૯૬૦માં અલગ ગુજરાત રાજ્યની રચના થતા આ બેંકે સને-૧૯૬૧થી પોતાનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્યમાં વિસ્તૃત કર્યું હતું. સને-૧૯૫૧થી ૧૯૬૦ના સમયગાળા દરમ્યાન મુંબઈ

રાજયના સૌરાષ્ટ્ર સિવાયના બાકીના ગુજરાત પ્રદેશમાં તે વખતે મુંબઈ રાજય પ્રોવિન્સિઅલ લેન્ડ મોર્ગેજ બેંક દ્વારા લાંબી-મુદતનું ધિરાણ આપવામાં આવતું હતું.

મુંબઈ રાજયની લેન્ડ મોર્ગેજ બેંકની મહેસાણા, પાલનપુર તથા ગોધરા શાખાઓ દ્વારા તેમજ ખેડા, વડોદરા, ભરૂચ અને સુરતની પ્રાયમરી લેન્ડ મોર્ગેજ બેંક દ્વારા ધિરાણ આપવામાં આવતું હતું. આ બેંક દ્વારા ધિરાણ મંજૂર થવામાં ખૂબ લાંબો સમય જતો જે લગભગ છ માસથી લઈ દોઢ બે વર્ષનો પણ સમય લાગતો. જ્યારે સૌરાષ્ટ્રની લેન્ડ મોર્ગેજ બેંક માત્ર ત્રણ માસ કે તેથી ઓછા સમયમાં લોન મંજૂર કરી આપતી હતી. તેના કારણે તેની લોકપ્રિયતા વધી હતી.

સને-૧૯૬૦માં બૃહદ મુંબઈ રાજયનું વિભાજન થતા ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયો અસ્તિત્વમાં આવ્યા. બૃહદ મુંબઈની ટોચની સહકારી સંસ્થાઓના વિભાજનની જવાબદારી ગુજરાતના અગ્રણી સહકારી કાર્યકર શ્રી મગનભાઈ રણછોડભાઈ પટેલને સોંપવામાં આવેલી અને મહારાષ્ટ્રમાં શ્રી વૈકુંઠભાઈ મહેતા, પ્રો.કર્વે અને ડૉ.ગાડગીલને આ જવાબદારી સોંપાઈ હતી. એ પ્રમાણે ગુજરાત રાજયની ટોચની પાંચ સહકારી સંસ્થાઓનું વિભાજન થયું. તેમાં ગુજરાત રાજય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકની પણ રચના થયેલી હતી.

સને-૧૯૬૦માં ગુજરાત રાજયની અલગ રચના થતા કૃષિ ધિરાણ ક્ષેત્રે કામ કરતી ટૂંકી તથા મધ્યમ મુદતના ધિરાણ માટેની એપેક્સ બેંક તેમજ લાંબી મુદતના ધિરાણ માટેની એપેક્સ બેંક એમ બન્ને બેંકોનો કાર્ય વિસ્તાર સમગ્ર ગુજરાત રાજયમાં વિસ્તારેલો અને બેંકની રજિસ્ટર્ડ કચેરી રાજકોટથી અમદાવાદમાં સ્થળાંતર કરવામાં આવેલ.

આ બેંકના નામમાં ૩ થી ૪ વખત ફેરફાર થવા પામેલ છે. સને-૧૯૫૧માં રજિસ્ટર્ડ થતી વખતે તેનું નામ સૌરાષ્ટ્ર સ્ટેટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ગેજ બેંક લિ. હતું. સને-૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારે સને-૧૯૬૧માં તેના નામ તથા પેટા નિયમોમાં સુધારા-વધારા કરવામાં આવ્યા અને ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ગેજ બેંક લિ.નામકરણ કરવામાં આવ્યું. તે પછી સને-૧૯૬૪માં નામમાં ફેરફાર થતા ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ લેન્ડ ડેવલપમેન્ટ બેંક લિ.કરવામાં આવ્યું. જે ટૂંકમાં જમીન વિકાસ બેંક તરીકે ઓળખાતી હતી. નાબાર્ડની રચના થતા અને કૃષિ તેમજ ગ્રામીણ વિકાસનો વ્યાપ વધતાં પુનઃ આ બેંકના નામમાં ફેરફાર થતા ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રિકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ. રાખવામાં આવેલ છે. ખેડૂત સમુદાયમાં બેંક વધુ લોકપ્રિય બની રહી છે. આ બેંકનુ ટૂંકું નામ 'ખેતી બેંક' ખૂબ જ પ્રચલિત બન્યું છે.

**કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકના ઉદેશો-**

## હેતુઓ

રાજ્યમાં ખેડૂતોને જમીન વિકાસના કામ કરવા માટે લાંબી મુદતના ધિરાણની સગવડ આપવી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકનો ઉદ્દેશ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૬થી જણાવેલ હેતુઓ માટે ૨૦ વર્ષથી વધુ નહીં તેટલી મુદત માટે નીચેના ઉદ્દેશો મુજબ મધ્યમ તથા લાંબી મુદતનું ધિરાણ - નાણાં પૂરા પાડવાની વ્યવસ્થા કરવી. બેંકના કાયદાકીય અને વહીવટી કામકાજ માટે, નિયંત્રણો માટે ગુજરાતના સહકારી કાયદામાં જમીન વિકાસ બેંક માટે પ્રકરણ-૧૧મું કલમ-૧૧૬થી કલમ-૧૪૫ સુધીની ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

## કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકના ઉદ્દેશો તથા ધિરાણના હેતુઓ

(૧) જમીન સુધારણા અને ઉત્પાદન વધારવા

(૨) ખેતીના હેતુ માટે મકાન બાંધકામ અને સમારકામ

(૩) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીના જમીન અધિનિયમ-૧૯૪૮ મુજબ ગણોતિયાઓને ખેતીની જમીનના હક્કોની ખરીદી અથવા સંપાદન કરવાના હેતુ માટે ધિરાણ

(૪) મુંબઈ ખેડૂત દેણદાર રાહત અધિનિયમ-૧૯૪૭ મુજબ દેવાની ચૂકવણી બાબત

(૫) ખેતીના હેતુ માટે પાણી ભરી રાખવા અને વહેંચવા માટે કૂવાના સમારકામ

(૬) સિંચાઈ દ્વારા જમીન તૈયાર કરવા માટે

(૭) ખેતીના હેતુ માટે વપરાશી જમીનને પૂર અથવા ધોવાણથી થતા નુકસાનથી રક્ષણ આપવા

(૮) પાળાબંધી અને અન્ય જમીન સુધારણાના કામો માટે

(૯) ખેતીના હેતુ માટે જમીન નવસાધ્ય કરવી અને સફાઈ તથા કાયમી સુધારણા કરવા

(૧૦) બાગાયતી ખેતી અને ફળફળાદી પાકો વગેરે માટે

(૧૧) ઓઈલ એન્જિન, પંપ સેટ અને ઈલેક્ટ્રીક મોટરની ખરીદી

(૧૨) ટ્રેક્ટર તેમજ બીજી ખેતવિષયક યાંત્રિક સામગ્રીની ખરીદી તેમજ રોડ ટ્રાન્સપોર્ટ વાહનો ખરીદવા માટે લોન

(૧૩) જમીનની ઉત્પાદન કાર્યક્ષમતા વધારવા ખાસ પ્રકારની માટી જમીનમાં ભેળવવા માટે

(૧૪) ખેતરમાં કાયમી ઘર, ઢોર માટેના છાપરાં અને ખેત પેદાશની પ્રક્રિયા માટે મકાનોના બાંધકામ માટે

(૧૫) શેરડી પીલવા, ખાંડ-ગોળસરી બનાવવા માટે યંત્રસામગ્રીની ખરીદી

(૧૬) જમીનના થતા ટુકડા અટકાવવા અને તેને એકત્ર કરવા આજુબાજુની જમીન ખરીદી કરવા

(૧૭) રાજ્ય સરકારે જાહેર કરેલ હેતુ માટે જમીનની સુધારણા અથવા ઉત્પાદનના હેતુ માટે

(૧૮) કાયદાની જોગવાઈ મુજબ જમીન વિકાસ બેંક જમીન સુધારણા અને ઉત્પાદનમાં વધારો કરે તેવા કામ માટે તથા ખેતી ઉપયોગી બાંધકામ તથા સમારકામ વગેરે માટે લોન

(૧૯) રાજ્ય સરકાર જાહેરનામાથી પ્રસિધ્ધ કરે તેવા ઉત્પાદનલક્ષી હેતુઓ માટે

(૨૦) નાબાર્ડમાંથી પુનઃ ધિરાણ પ્રાપ્ત થાય તેવા હેતુઓના ધિરાણ

**કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકની કામગીરી**

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંકની મુખ્ય કચેરી-૪૮૯, આશ્રમ રોડ. નહેરૂબ્રીજ સામે, અમદાવાદ ખાતે આવેલ છે. રાજ્યના ૧૭ જિલ્લા મથકે જિલ્લા કચેરીઓ આવેલી છે. તાલુકા કક્ષાએ શાખાઓ મારફતે ટૂંકી, મધ્યમ તથા લાંબી મુદતનું કૃષિ ધિરાણ પૂરું પાડવામાં આવે છે. સમગ્ર ગુજરાત રાજ્યનું કાર્યક્ષેત્ર હોઈ કુલ ૧૭૬ શાખાઓ મારફતે આ બેંક તેની ધિરાણ પ્રવૃત્તિની કામગીરી કરે છે. આ બેંકની વિશિષ્ટતા એ છે કે જિલ્લા કક્ષાની અલગ જિલ્લા બેંકને બદલે આ બેંક પોતાની શાખાઓ મારફતેખેડૂતોને સીધું ધિરાણ પૂરું પાડે છે.

અગાઉ જમીન વિકાસ બેંકો મુખ્યત્વે ખેડૂતોને શાહુકારો પાસેથી ગીરવે મુકાયેલ જમીનો મુક્ત કરાવવા તથા ખેડૂતોને તેનું દેવું પરત ચૂકવવાના હેતુ માટે લોન આપતી હતી. પણ આ હેતુ બિનઉત્પાદકીય હતો. એટલે ગ્રામધિરાણ તપાસ સમિતિએ ૧૯૫૪-૫૫માં તેના અહેવાલમાં એવી ભલામણ કરેલી કે, આવી બેંકો જમીન સુધારણાના તેમજ ખેત ઉત્પાદન વધે તેવા હેતુઓ માટે લોન આપે અને ત્યારબાદ આ બેંકોએ જમીન સુધારણાના ઉપયોગી હેતુ માટે લોન આપવાની શરૂઆત કરેલી. લાંબાગાળાના કૃષિ ધિરાણના ક્ષેત્રે જમીન વિકાસ બેંકો તારણલક્ષી પદ્ધતિના બદલે ઉત્પાદનલક્ષી ધિરાણ પદ્ધતિ અપનાવે તેવી સલાહ રિઝર્વ બેંક તરફથી વખતોવખત આપવામાં આવતી હતી. સને-૧૯૬૭-૬૮ના વર્ષથી આ નીતિનો અમલ કરાવવા માટે રિઝર્વ બેંકે શિસ્ત દાખલ કરેલી. આ શિસ્ત મુજબ રિઝર્વ બેંક ડિબેન્ચરમાં રોકાણ કરનાર સાથે પરામર્શ કરી એવો નિર્ણય લીધો કે, ૧૯૯૦ના વર્ષ દરમ્યાન ડિબેન્ચર માટે રોકાણ તરફથી મળતો ટેકો, બેંકો તરફથી અપાતી લોનની ૮૦% લોન ઉત્પાદકીય હેતુ માટે હોય. જો કે, ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક શરૂઆતથી જ એટલે કે, ૧૯૫૪-૫૫થી ઉત્પાદકીય હેતુ માટે જ ધિરાણ કરતી આવે છે. દેશની તમામ જમીન વિકાસ બેંકોએ ઉત્પાદનલક્ષી ધિરાણ પદ્ધતિ અપનાવી છે.

**કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકનુ સંસ્થાકીય માળખુ અને કાર્યપદ્ધતિ**

લાંબી મુદતના કૃષિ સહકારી ધિરાણ માટેનું

સંસ્થાકીય માળખું દેશમાં ત્રણ સ્વરૂપમાં જોવા મળે છે.

(૧) સમવાયી-ફેડરલ (૨) એકવાયી-યુનિટરી પ્રકારનું અને (૩) હાઈબ્રિડ (મિશ્ર) પ્રકારનું.

જે રાજ્યોમાં સમવાયી પ્રકારનું માળખું છે ત્યાં જિલ્લા કક્ષાએ પ્રાથમિક સહકારી જિલ્લા વિકાસ બેંક સ્થાપી ટોચના સ્તરે મધ્યસ્થ જમીન વિકાસ સહકારી બેંક સાથે સંયોજિત કરવામાં આવે છે. ખાસ કરીને, દક્ષિણ ભારતના રાજ્યોમાં આ બેંકોનું માળખું ફેડરેલ રહ્યું છે. એકવાયી પ્રકારના માળખામાં રાજ્ય કક્ષાએ ટોચની મધ્યસ્થ જમીન વિકાસ સહકારી બેંકની રચના કરવામાં આવે છે અને તેની તાલુકા શાખાઓ મારફતે ખેડૂતોને સીધું ધિરાણ કરવાની વ્યવસ્થા છે. ગુજરાત અને ઉત્તર પ્રદેશ રાજ્યોમાં આ પ્રકારનું માળખું હાલ અસ્તિત્વમાં છે.જે રાજ્યોમાં આ બંને પ્રકારના સંમિશ્રિત માળખા છે તેને (હાઈબ્રિડ) મીક્ષ પ્રકારનું માળખું કહે છે. પશ્ચિમ બંગાળ અને હિમાચલ પ્રદેશમાં હાઈબ્રિડ માળખું છે.

ગુજરાતમાં ખેતી બેંક રાજ્ય સ્તરની સહકારી સંસ્થા હોવા છતાં તેનું સંસ્થાકીય માળખું પ્રથમથી જ એકવાયી રાખવામાં આવ્યું છે.બેન્કે જરૂરિયાત મુજબ ધિરાણ મંજૂર કરવાની સત્તાઓ શાખા કક્ષાએ તેમજ જિલ્લા સ્તરે આપેલ છે. જ્યારે કોઈ મોટી રકમના રોકાણના પ્રોજેક્ટ હોય ત્યારે તેવી લોન બેંકના વ્યવસ્થાપક મંડળ દ્વારા મંજૂર થાય છે. બેંકએ લોન મંજૂર કરવાની કાર્યપદ્ધતિ સરળ અને ઝડપી બનાવેલ છે. સંચાલકીય દૃષ્ટિએ વિકેન્દ્રિય લોકશાહીના લાભો આ બેંક મેળવે છે. બેંકની સભ્ય સંખ્યા લગભગ ૨.૯૩ લાખ સભાસદોની છે. જનરલ બોડી આ સભાસદોમાંથી ચૂંટાયેલ પ્રતિનિધિ સભ્યોની બનેલી છે.

આ બેંક ૧૭૬ શાખાઓના નેટવર્ક દ્વારા ગુજરાત રાજ્યમાં તેનો વ્યવસાય કરે છે. શાખાઓના કામકાજને નિયંત્રિત કરવા અને વિકેન્દ્રિત વહીવટના ફાયદાઓ સુનિશ્ચિત કરવા માટે તેની પાસે ૧૭ જિલ્લા મથકોએ કચેરીઓ કાર્યરત છે. આ બેંકનું રાજ્ય કક્ષાએ મુખ્ય કાર્યાલય અને ૧૭૬ તાલુકા સ્તરે શાખાઓ ધરાવતું એકાત્મક માળખું છે.

આ બેંક દ્વારા ખેડૂતોને કબજા હક્ક મેળવવા માટેની રકમ ભરવા માટે ધિરાણ આપવાની વ્યવસ્થાના ભાગરૂપે લગભગ બે વર્ષમાં સૌરાષ્ટ્રના ૬૫૦૦૦ ગણોતિયાઓને ધિરાણ કરી તે રકમ જમીનદારોને વળતર રૂપે આપીને જમીનના કબજા હક્ક અપાવી જમીનના માલિક બનાવવામાં બહુમૂલ્ય ફળો આપ્યો હતો.

## <u>ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકની પ્રગતિ</u>

ખેડૂતોને દેવાદારીમાંથી ઉગારવા તે વખતના સૌરાષ્ટ્ર સરકારે સહકારી આગેવાનો અને ખેડૂતોની સાથે ચર્ચા વિચારણા કરી સને-૧૯૫૧માં સૌરાષ્ટ્ર રાજ્ય મધ્યસ્થ સહકારી

જમીનગીરો બેંકની સ્થાપના કરેલી. આ બેંકની સ્થાપના કરવામાં પોરબંદરના યુવરાજ શ્રી ઉદયભાણસિંહજી તથા અન્ય સહકારી આગેવાનોની ભૂમિકા મહત્વપૂર્ણ રહી હતી. યુવરાજ શ્રી ઉદયભાણસિંહજી આ બેંકના સ્થાપક ચેરમેન બન્યા. ગુજરાતનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવતા સને-૧૯૬૧માં ગુજરાત સ્ટેટ કો- ઓપરેટિવ લેન્ડ મોર્ગેજ બેંક લિ.અસ્તિત્વમાં આવી. સરકારે આ બેંકના ચેરમેન તરીકે યુવરાજ શ્રી ઉદયભાણસિંહજીના નેતૃત્વને ચાલુ રાખ્યું હતું.

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી દેશી રજવાડાઓનું વિલીનીકરણ થતાં સને-૧૯૪૯માં સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય સ્થપાયેલ. આ રાજ્ય નાનું હતું. તેની રચનામાં પ્રજાકીય રચનાત્મક કાર્યકરોનો ફાળો હતો. તેથી ગ્રામવિકાસ અને સહકારી પ્રવૃત્તિને ખાસ મહત્વ આપવામાં આવેલું હતું. યુવરાજ શ્રી ઉદયભાણસિંહજીએ ખેડૂતોને કપરી પરિસ્થિતિમાંથી ઉગારવા ૧૯૫૧માં સૌરાષ્ટ્રના પૂર્વ રાજ્યમાં ખેડૂતોને લાંબા-ગાળાની કૃષિ લોન મળી રહે તે માટેની સર્વોચ્ચ સંસ્થા ‘સૌરાષ્ટ્ર રાજ્ય મધ્યસ્થ સહકારી જમીન ગીરો બેંક‘ ની રચના કરવામાં આવેલ. તેનું કાર્યક્ષેત્ર તત્કાલિન સૌરાષ્ટ્ર રાજ્ય સુધી સીમિત રાખવામાં આવેલ. જેમાં પાંચ જિલ્લાઓનો સમાવેશ થતો હતો. ૧૯૫૭માં સૌરાષ્ટ્રનું મુંબઈ રાજ્ય સાથે વિલીનીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારે આ બેંકે બૃહદ મુંબઈ રાજ્યમાં પણ અલગ સંસ્થા તરીકે કામ કરવાનું ચાલું રાખ્યું હતું અને તેની કામગીરીનો વિસ્તાર માત્ર સૌરાષ્ટ્રના પ્રદેશ પૂરતો મર્યાદિત હતો. મુંબઈ રાજ્યના વિભાજન અને ૧૯૬૦માં અલગ ગુજરાત રાજ્યની રચનાના પરિણામે આ બેંકે ૧૯૬૧માં સમગ્ર ગુજરાત રાજ્યમાં તેના અધિકાર ક્ષેત્રનો વિસ્તાર કર્યો હતો. અને બેંકનું નામ બદલીને ‘ગુજરાત રાજ્ય સહકારી જમીન ગીરો બેંક લિ.‘રાખવામાં આવ્યું હતું. તે પછી વિકાસલક્ષી ધિરાણ પ્રવૃત્તિને આવરી લેવાતા સને-૧૯૬૫માં આ બેંકનું નામ ‘ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક લિ.‘ રાખવામાં આવેલ અને હાલ ‘ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રિકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ.‘ છે. આ બેંક ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે લાંબા-ગાળાનું ધિરાણ કરનાર સહકારી ક્ષેત્રની એપેક્ષ બેંક છે જે કૃષિઅને તેને સંલગ્ન પ્રવૃત્તિઓના વિકાસ માટે ધિરણ કરી નાણા પ્રદાન કરે છે. બેંક મધ્યમ મુદત અને ટૂંકી મુદતનું ધિરાણ પણ કરે છે. આ બેંક રાજ્ય સ્તરીય સહકારી સંસ્થા હોવા છતાં તેનું સંસ્થાકીય માળખું એકવાયી(યુનિટરી) રહેલ છે.

## ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકની હાલની આર્થિક સ્થિતિ

‘સહકારથી સમૃદ્ધિ‘ના સૂત્રને સાકાર કરતી ખેતી બેંક છેલ્લા ૭૩ વર્ષથી (૧૯૫૧થી) ખેડૂતોની સાથે અને ખેડૂતો માટે કામગીરી કરતી આ બેંકે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં શૂન્ય

એન.પી.એ.ધરાવતી દેશની સૌ પ્રથમ કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક છે, જે ગુજરાત માટે અને સહકારી ક્ષેત્ર માટે ગૌરવની વાત છે.

ગુજરાતની સૌથી વધુ ખેડૂત સભાસદો ધરાવતી ખેતી બેંકના વર્ષ ૨૦૨૨- ૨૦૨૩ દરમ્યાન૨,૯૩,૨૧૧સભાસદો, રૂા.૪૭.૪૨ કરોડની શેરમૂડી, રૂા.૬૧૮.૬૦ કરોડનું સ્વભંડોળ. રૂા.૨૩૨ કરોડની ફીકસ્ડ ડિપોઝિટ, રૂા.૬૪૪ કરોડનું ધિરાણ અને રૂા.૪૫૩ કરોડના રોકાણો ધરાવતી આ બેંક રૂા.૧૭૮ કરોડની કુલ આવક અને રૂા.૧૦૬ કરોડનો ગ્રોસ નફો તથા રૂા.૫૧.૫૫ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. સભાસદોને ૧૫% ડિવિડન્ડ ચૂકવ્યું છે.

**બેંકના વિકાસમાં બહુમૂલ્ય ફાળો-ચેરમેનશ્રીઓનો કાર્યકાળ**

| ક્રમ | નામ | સ્થળ | કાર્યકાળનો સમયગાળો |
|---|---|---|---|
| ૧. | શ્રી યુવરાજ ઉદયભાણસિંહજી | પોરબંદર | તા.૬-૯-૧૯૫૧ થી તા.૨૦-૭-૧૯૭૩ |
| ૨. | શ્રી ઝીણાભાઈ આર.દરજી | સુરત | તા.૨૧-૭-૧૯૭૩થી તા.૨૨-૧૧-૧૯૭૩ |
| ૩. | શ્રી મોહનભાઈ બી.પટેલ | અમદાવાદ | તા.૨૩-૧૧-૧૯૭૩થી તા.૧૮-૧-૧૯૭૬ |
| ૪. | શ્રી ભૈરવદાન કે.ગઢવી | બનાસકાંઠા | તા.૧૯-૧-૧૯૭૬થી તા.૨૭-૩-૧૯૭૬ |
| ૫. | શ્રી ઝીણાભાઈ આર.દરજી | સુરત | તા.૨૮-૩-૧૯૭૬થી તા.૨૭-૭-૧૯૭૯ |
| ૬. | શ્રી રમણભાઈ એન.પટેલ | ખેડા | તા.૨૮-૭-૧૯૭૯થી તા.૨૭-૭-૧૯૮૨ |
| ૭. | શ્રી ઝીણાભાઈ આર.દરજી | સુરત | તા.૨૮-૭-૧૯૮૨થી તા.૨૩-૧૧-૧૯૮૨ |
| ૮. | શ્રી દયાશંકરભાઈ વી.ત્રિવેદી | મહેસાણા | તા.૨૪-૧૧-૧૯૮૨થી તા.૧૯-૫-૧૯૯૨ |
| ૯. | શ્રી ઉકાભાઈ એસ.ઝાલા | જૂનાગઢ | તા.૨૦-૫-૧૯૯૨થી તા.૪-૯-૨૦૦૧ |
| ૧૦. | શ્રી કનુભાઈ એમ. પટેલ | સાબરકાંઠા | તા.૫-૯-૨૦૦૧થી તા.૨૦-૭-૨૦૦૬ |
| ૧૧. | શ્રી બ્રિજરાજસિંહ એચ.જાડેજા | જામનગર | તા.૨૧-૭-૨૦૦૬થી તા.૧૬-૧-૨૦૧૧ |
| ૧૨. | શ્રી કનુભાઈ એમ.પટેલ | સાબરકાંઠા | તા.૧૭-૧-૨૦૧૧થી તા.૧૯-૮-૨૦૧૪ |
| ૧૩. | શ્રી ધીરેનભાઈ બી.ચૌધરી | મહેસાણા | તા.૨૦-૮-૨૦૧૪થી તા.૮-૫-૨૦૧૮ |
| ૧૪. | શ્રી ચેતન એન. પરમાર | કસ્ટોડીયન | તા.૯-૫-૨૦૧૮થી તા.૬-૩-૨૦૧૯ |
| ૧૫. | શ્રી પ્રતિક એસ. ઉપાધ્યાય | કસ્ટોડીયન | તા.૭-૩-૨૦૧૯થી તા.૨૧-૭-૨૦૨૦ |
| ૧૬. | શ્રી ચેતન એન. પરમાર | કસ્ટોડીયન | તા.૨૨-૭-૨૦૨૦થી તા.૫-૯-૨૦૨૧ |
| ૧૭. | શ્રી ડૉલરરાય વી.કોટેચા | જૂનાગઢ | તા.૬-૯-૨૦૨૧થી કાર્યરત |

## ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકના પ્રગતિદર્શક આંકડા

| વર્ષ | સભાસદ (લાખમાં) | શેરમૂડી (કરોડમાં) | રિઝર્વ તથા અન્ય ફંડ (કરોડમાં) | ધિરાણ (કરોડમાં) | ફિક્સ ડિપોઝીટ (કરોડમાં) | નફો (કરોડમાં) | ડિવિડન્ડ | ઓડિટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૫૧-૫૨ | ૦.૨૨ | ૦.૦૭ | - | ૧.૩૯ | યોજના ન | - | - | - |
| | | | | | હતી | | | |
| ૧૯૬૧-૬૨ | ૧.૬૮ | ૧.૪૫ | ૨.૭૦ | ૩.૧૪ | ,, | ૦.૧૪ | ૩% | - |
| ૧૯૭૧-૭૨ | ૫.૦૫ | ૯.૫૨ | ૨.૨૪ | ૧૫.૪૬ | ,, | ૧.૬૬ | ૬.૫% | - |
| ૧૯૮૧-૮૨ | ૪.૮૩ | ૯.૬૨ | ૨૨.૯૨ | ૧૩.૯૯ | - | ૦.૬૫ | - | - |
| ૧૯૯૧-૯૨ | ૫.૫૬ | ૨૧.૮૩ | ૩૦.૧૧ | ૭૦.૩૩ | - | ૧૨.૨૨ | - | બ |
| ૨૦૦૧-૦૨ | ૬.૮૦ | ૬૨.૪૯ | ૫૯.૪૬ | ૧૦૪.૫૩ | ૧૧૦.૫૯ | –૮.૬૩ | - | બ |
| ૨૦૧૧-૧૨ | ૬.૭૫ | ૪૩.૮૯ | ૪૩૩.૧૫ | ૧૭૮.૬૨ | ૧૫૦.૯૨ | ૩૭.૨૫ | ૧૨% | અ |
| ૨૦૨૧-૨૨ | ૨.૯૫ | ૪૨.૬૩ | ૬૦૦.૭૯ | ૧૫૧.૨૮ | ૨૩૮.૧૦ | ૨૯.૨૯ | ૨૦% | અ |
| ૨૦૨૨-૨૩ | ૨.૯૩ | ૪૭.૦૭ | ૬૧૨.૭૫ | ૨૭૫.૫૩ | ૨૩૨.૮૬ | ૫૧.૧૯ | ૧૫% | - |

જૂન ૧૯૬૦માં સમગ્ર સૌરાષ્ટ્ર રાજ્યમાં બેંકની ૭૧ શાખાઓ કાર્યરત હતી. બેંકનું સમગ્ર રાજ્યમાં વર્ષ ૧૯૬૧માં વિસ્તરણ થતા ૧૦૧ શાખાઓ કાર્યરત હતી. ૧૯૬૫-૬૬માં ૧૪૮ શાખાઓ અને ૧૯૭૦-૭૧માં ૧૮૨ શાખાઓ હતી. રિઝર્વ બેંકના પરિપત્ર મુજબ બેંકમાં ફિક્સ ડિપોઝિટ મેળવવાની યોજના જુલાઈ ૧૯૭૨માં શરૂ કરવામાં આવેલ. વર્ષ ૧૯૭૨-૭૩માં રૂા.૮.૮૬ લાખની ડિપોઝીટ હતી. આ યોજનામાં નજીવી રકમ થાપણ તરીકે જમા આવતી હોઈ થાપણ યોજના તા. ૧-૬-૮૧થી બંધ કરવામાં આવેલ. ત્યારબાદ સને ૧૯૯૧-૯૨ના વર્ષથી બેંકે અમદાવાદ અને રાજકોટ ઓફિસમાં ફિક્સ ડિપોઝિટ સ્વીકારવાની સ્કીમ દાખલ કરેલ. વર્ષ ૧૯૯૭-૯૮થી નાબાર્ડના પરિપત્ર મુજબ શાખાઓમાં થાપણો સ્વીકારવાની શરૂ કરેલ.

તાજેતરના વર્ષોમાં બેંકની કામગીરીનો વ્યાપ વધ્યો છે.વર્ષ ૨૦૨૨-૨૩થી ધિરાણ, વસુલાત, નફો, લોન્સ એડ્વાન્સીસ વિગેરેમાં વધારો થઇ રહ્યો છે.

**સમાપન**

જમીનદારી નાબૂદી અંગેના કાયદાનું ઝડપી અને સરળતાથી અમલીકરણ કરવામાં આ બેંકનું મહત્વનું યોગદાન સમગ્ર દેશમાં પ્રથમ દ્રષ્ટાંતરૂપ બનેલ. હરિયાળી ક્રાંતિ સર્જવામાં અને કૃષિ ક્ષેત્રે સુધારણા કરવાના સરકારના પ્રયાસોને સફળ બનાવવામાં આ બેંકની ભૂમિકા ઉજ્જવળ અક્ષરે અંકિત થયેલ છે.

ખેતી બેંકની ચોકકસ પ્રકારની ધિરાણ નીતિ. સારી વસુલાત, કાર્યક્ષમ વહીવટના કારણે આગવી પ્રતિભા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આ લાંબી-મુદતના કૃષિ સહકારી ધિરાણ સંસ્થાના આદ્યસ્થાપક યુવરાજશ્રી ઉદયભાણસિંહજીનું નામ ગુજરાત જ નહિ પરંતુ ભારતીય સહકારી પ્રવૃત્તિના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે.

સફળગાથા

# અમૂલ વે : ભારતની ડેરી ક્રાંતિની એક સફળ યાત્રા

૫૦ વર્ષ પહેલાં ગુજરાતના ગામડાંઓ દ્વારા સામૂહિક રીતે જે રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું તે હવે એક ભવ્ય વટવૃક્ષમાં પરિણમ્યું છે. આજે, આ વિશાળ વડના ઝાડની શાખાઓ સમગ્ર રાષ્ટ્ર અને વિદેશમાં ફેલાયેલી છે. તાજેતરમાં ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ની ગોલ્ડન જ્યુબિલિમાં ભાગ લેતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આ મુજબની વાત કરી હતી. જીસીએમએમએફ સહકારી કંપની છે, જે આઈકોનિક ડેરી બ્રાન્ડ-અમૂલની માલિકી ધરાવે છે.

ભારતને સ્વતંત્રતા મળ્યાના એક વર્ષ પહેલાં, ગુજરાતના હાર્દસમા વિસ્તારોમાં, એક ક્રાંતિનો જન્મ થયો હતો, જેની શરૂઆત પોલસન ડેરીની અયોગ્ય વેપારી પ્રથાઓ સામેના નાના પાયા પરના વિરોધ તરીકે થઈ હતી અને એક વિશાળ ચળવળમાં ફેરવાઈ ગઈ હતી જેણે ભારતના ડેરી લેન્ડ સ્કેપને નવો આકાર આપ્યો હતો. કૈરા (હવે ખેડા) જિલ્લાના ખેડૂતોએ સહકારી મંડળી રચી હતી - કૈરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રચાઈ હતી.

૧૯૬૫માં અમૂલ મોડેલની નકલ કરવાના મૂળભૂત ઉદ્દેશ સાથે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી)ની સ્થાપના કરવામાં આવી હતી, જે પછી ૧૯૭૩માં ભારતના દૂધના ભિષ્મપિતા ડૉ. વર્ગીસ કુરિયનના નેતૃત્વ હેઠળ જીસીએમએમએફની સ્થાપના કરવામાં આવી હતી, જીસીએમએમએફ ગુજરાતની ડેરી સહકારી મંડળીઓની સર્વોચ્ચ સંસ્થા તરીકે ઉભરી આવી હતી, જેનું મિશન ખેડૂતોને વળતર અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પ્રદાન કરવાનું હતું. ગુજરાતમાં શરૂ થયેલી સહકારી ચળવળ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના વિકાસશીલ દેશો માટે એક મોડેલ બની હતી.

૧૯૭૦માં સહકારી મંડળીએ 'શ્વેત ક્રાંતિ'ની આગેવાની લીધી હતી જેણે આખરે ભારતને વિશ્વમાં દૂધનો સૌથી મોટો ઉત્પાદક દેશ બનાવ્યો. રૂ. ૧૦ ટ્રિલિયનના ટર્નઓવર સાથે ભારતના ડેરી ક્ષેત્રના અભૂતપૂર્વ વિકાસ પાછળનું ચાલકબળ દેશની મહિલા કાર્યબળ છે. આજે અમૂલ દ્વારા પ્રાપ્ત નોંધપાત્ર સફળતા મોટાભાગે આ મહિલા કર્મચારીઓની ભાગીદારીને આભારી છે.

અમૂલ અખંડ ભારતની પ્રેરણા છે. જે દુનિયાના ૫૦થી વધુ દેશોમાં અમૂલના ઉત્પાદનોની નિકાસ કરવામાં આવે છે. ૧૮૦૦૦થી વધુ દૂધ સહકારી સમિતિઓ અને ૩૬,૦૦૦ ખેડૂતોના વિશાળ નેટવર્કના સહયોગથી અમૂલ દૈનિક ૩.૫ કરોડ લિટર દૂધનું

પ્રોસેસિંગ કરે છે.

આ મોડેલના હાર્દમાં ત્રિ-સ્તરીય સહકારી માળખું આવેલું છે. ગ્રામ્યકક્ષાની ડેરી મંડળીઓ સ્થાનિક ખેડૂતો પાસેથી દૂધ એકઠું કરે છે. આ મંડળીઓ બદલામાં જિલ્લા કક્ષાના દૂધ સંઘોને દૂધ પૂરું પાડે છે. છેવટે, રાજ્ય-સ્તરના દૂધ સંઘો પુરવઠો એકઠો કરે છે અને વિવિધ બજારોમાં તેનું વિતરણ કરે છે. ખેડૂતોને તેમના દૂધના યોગ્ય ભાવ આપવામાં આવે છે, અને ગ્રાહકોને તાજાં, શુદ્ધ ઉત્પાદનો મળે છે. કામગીરીનું વિકેન્દ્રીકરણ કરીને અને સ્થાનિક સમુદાયોને સામેલ કરીને અમૂલ સ્થિર પુરવઠા શ્રૃંખલાને સુનિશ્ચિત કરવાની સાથે સાથે ગ્રામીણ અર્થતંત્રોને પણ મજબૂત બનાવે છે.

આજે અમૂલ ભારતની સૌથી મોટી એફએમસીજી બ્રાન્ડ છે, જેણે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ. ૭૨,૦૦૦ કરોડનું વાર્ષિક વેચાણ કર્યું છે. યુકે સ્થિત બ્રાન્ડ ફાઈનાન્સે તેના ‘બ્રાન્ડ ફાઈનાન્સ ફૂડ એન્ડ ડ્રિંક્સ રિપોર્ટ ૨૦૨૩‘ માં અમૂલને માત્ર વૈશ્વિક સ્તરે વિશ્વની સૌથી મજબૂત ડેરી બ્રાન્ડ તરીકે જ નહીં, પરંતુ વિશ્વભરમાં બીજા ક્રમની સૌથી મજબૂત ફૂડ બ્રાન્ડ તરીકે પણ સ્થાન આપ્યું છે, જે ફક્ત અમેરિકન ચોકલેટ બાન્ડ હર્શીઝ પછી છે.

અમૂલની સંદેશાવ્યવહાર વ્યૂહરચના પણ ખૂબ મહત્વ ધરાવે છે. ૧૯૯૬માં સિલ્વેસ્ટર ડાકુન્હા દ્વારા રજૂ કરવામાં આવેલી અમૂલ મોપેટની રમૂજી, સંબંધિત જાહેરાતોએ પેઢીઓને વટાવી દીધી છે, જેણે સૌથી લાંબા સમય સુધી ચાલનારા અભિયાન માટે ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. બટર ગર્લની એટલી પ્રશંસા કરવામાં આવી હતી કે એક બ્રિટીશ કંપનીએ એક માખણ લોન્ચ કર્યું અને ૨૦૧૯માં તેનું નામ એકદમ બટરલી રાખ્યું. જીસીએમએમએફ તેની સુવર્ણ જયંતીની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે તે માત્ર સંસ્થા માટે એક સીમાચિહ્નરૂપ જ નથી, પરંતુ લાખો ડેરી ખેડૂતો માટે એક વિજય છે, જેમના જીવનમાં વધુ સારા માટે પરિવર્તન આવ્યું છે. અમૂલની સફર ખરેખર સહકારી મંડળીઓ અને સરકાર વચ્ચે સંતુલનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, જે દર્શાવે છે કે જ્યારે સમુદાયો સહિયારા ઉદ્દેશ સાથે જોડાય છે, ત્યારે શું પ્રાપ્ત કરી શકાય છે. આ સરકાર પશુપાલન સાથે સંબંધિત માળખાગત સુવિધાઓના આધુનિકીકરણમાં વિક્રમી રોકાણ કરી રહી છે.

**દુનિયાના ૫૦થી વધુ દેશોમાં અમૂલના ઉત્પાદનોની નિકાસ કરવામાં આવે છે. ૧૮૦૦૦થી વધુ દૂધ સહકારી સમિતિઓ અને ૩૬,૦૦૦ ખેડૂતોના વિશાળ નેટવર્કના સહયોગથી અમૂલ દૈનિક ૩.૫ કરોડ લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે.**

ડિજિટલાઈઝેશન

# ભારતનું ડિજિટલ મિશન આપણા ૨૦૪૭ના લક્ષ્યાંક માટે મહત્ત્વપૂર્ણ

નવા ભારતનાં વિચારે તાજેતરનાં વર્ષોમાં તમામ ભારતીયોમાં ભારે આત્મવિશ્વાસ અને આશાવાદને પ્રેરિત કર્યો છે. વૈશ્વિક અને પ્રાદેશિક રાજકીય રંગભૂમિમાં બહુવિધ મુદ્દાઓ પર આત્મવિશ્વાસપૂર્ણ, સ્વતંત્ર વલણ અપનાવવાની, અપવાદરૂપ રમતગમત સિદ્ધિઓ (ઓલિમ્પિક્સ સહિત) નોંધાવવાની, ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ (વૈશ્વિક પ્રથમ) ઉત્તરાણ પૂર્ણ કરવાની આપણી ક્ષમતા, એ આપણા માટે એવું માનવાનાં કેટલાંક કારણો છે કે આખરે નવું ભારત ઊભરી રહ્યું છે. ભારતનું આર્થિક પરિવર્તન કે જે હાલમાં ચાલી રહ્યું છે, જે તેના ઝડપી ડિજિટલીકરણ દ્વારા નોંધપાત્ર પ્રમાણમાં સંચાલિત છે, તે નવા ભારતનું વધુ એક ઉજ્જ્વળ ઉદાહરણ છે, જે વિકસી રહ્યું છે.

કોવિડે વિશ્વભરના દેશો અને સંસ્થાઓને ડિજિટલ બનવાની ફરજ પાડી તે પહેલાં વર્તમાન સરકારે ડિજિટલ ઈકોનોમી (અને ડિજિટલ ડિલિવરી મોડેલ્સ) માટે સક્રિયપણે ઝૂંબેશ ચલાવી છે. ડિજિટલ ઇન્ડિયા મિશનની શરૂઆત ૨૦૧૫માં કરવામાં આવી હતી અને ભારત સરકાર દ્વારા જાહેર સેવાઓ પૂરી પાડવામાં ક્રાંતિ જોવા મળી હતી. તેણે ઇન્ડિયા સ્ટેકની પણ શરૂઆત કરી હતી, જે વૃદ્ધિ માટે લાભ લેવા માટે અર્થતંત્રના વિવિધ ઘટકો માટે એક વિશિષ્ટ પ્લેટફોર્મ છે. આ મિશનને કારણે કૃષિ, પરિવહન, સ્વાથ્ય સેવાઓ અને શિક્ષણ જેવા મહત્ત્વપૂર્ણ ઉદ્યોગોમાં નવા બિઝનેસ મોડલ્સ ઊભા થયા-આ બધામાં મૂળભૂત પરિવર્તન થઈ રહ્યું છે. આ ડિજિટલાઈઝેશનથી સિસ્ટમમાં લીકેજમાં ઘટાડો થયો હતો અને અર્થતંત્રને ઔપચારિક સ્વરૂપ આપવામાં મદદ મળી હતી, જેમાં જીએસટીની નોંધણીઓ અને કલેકશનમાં વધારો થયો હતો, જે તેની સફળતાના એક સારા માપદંડ તરીકે કામ કરશે.

ઇન્ડિયા સ્ટેક ગેમ ચેન્જર રહ્યું છે, કારણ કે વ્યક્તિઓ અને સાહસો સુવિધા, ઝડપ અને કાર્યદક્ષતા માટે તેનો લાભ ઉઠાવે છે, જેના સંયોજનથી વેપાર- વાણિજ્યનો વેગ વધશે. જેમ જેમ ભારત (અને વિશ્વ) ડિજિટલ તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ આ અંતર્ગત, સક્ષમ ડિજિટલ આંતરમાળખાની એ જ અસર

**વસંત રાવ**
મેનેજિંગ ડિરેક્ટર
આઈડીસી ઇન્ડિયા અને સાઉથ એશિયા

થઈ રહી છે; જે રીતે ઔદ્યોગિક ક્રાંતિ પછી રેલમાર્ગોએ કરી હતી. તેનાથી અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રો પર ઘાતક અને કાસ્કેડિંગ અસર થઈ છે અને નાગરિકો માટે વૃદ્ધિની તકો ચાલી રહી છે. જન ધન યોજના, કોવિન, યુપીઆઈ અને ઓએનડીસી એ સ્કેલ પર ડિજિટલના કેટલાક અગ્રણી ઉદાહરણો છે. વ્યાપક નાણાકીય ઈકોસિસ્ટમમાં નાણાકીય સંસ્થાઓ સંભવતઃ ઈન્ડિયા સ્ટેકને સૌથી મજબૂત અપનાવનારાઓ રહ્યા છે, જે નાણાકીય સર્વસમાવેશકતાને આગળ ધપાવે છે અને નાણાકીય ઉત્પાદનોને અપનાવવામાં નોંધપાત્ર સરળતા લાવે છે. ઉદાહરણ તરીકે પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજેડીવાય)ના ખાતામાં ત્રણ ગણો વધારો થયો છે.૧ માર્ચ, ૨૦૧૫માં ૧૪૭.૨ મિલિયનથી વધીને ઓગસ્ટ ૨૦૨૨માં ૪૬૨.૫ મિલિયન થઈ ગઈ હતી, જે બેંક વગરની વસ્તીના મોટા ભાગને આવરી લે છે.

ડિજિટલાઈઝેશન પ્રદાન કરે છે તે વધેલી તકોના પ્રતિસાદમાં, આપણે જોઈએ છીએ ખાસ કરીને બીરસી ડોમેનમાં સાહસો દ્વારા ઈન્ડિયા સ્ટેકનો વ્યાપક ઉપયોગ. તે ભારતીય નાગરિકોને પ્રદાન કરે છે, તે પુષ્કળ ફાયદાઓને રેખાંકીત કરે છે. હકીકતમાં, ડિજિટલ માટે સરકારનું દબાણ એટલું અનિવાર્ય રહ્યું છે કે ભારતમાં આંતરરાષ્ટ્રીય ડેટા કોર્પોરેશનના તાજેતરના ડિજિટલ બિઝનેસ સર્વે (ઓગસ્ટ ૨૦૨૩)માં, માધ્યમથી મોટા ઉદ્યોગોના ૨૫%એ જણાવ્યું હતું કે ડિજિટલાઇઝેશન તરફ સરકારનો ભાર ડિજિટલ બિઝનેસ મોડેલને અપનાવવામાં મુખ્ય પરિબળોમાંનું એક છે.

આઇડીસીએ ડિજિટલ બિઝનેસને એવી રીતે વ્યાખ્યાયિત કર્યો છે, જેમાં મૂલ્યનું સર્જન ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ પર આધારિત છે, જેમાં આંતરિક અને બાહ્ય પ્રક્રિયાઓ સામેલ છે. એક સંસ્થા ગ્રાહકો, નાગરિકો, સપ્લાયર્સ અને ભાગીદારી સાથે કેવી રીતે જોડાય છે; તે કર્મચારીઓને કેવી રીતે આકર્ષે છે, મેનેજ કરે છે અને જાળવી રાખે છે; અને તે કયા ઉત્પાદનો, સેવાઓ અને અનુભવો પ્રદાન કરે છે.

એ નોંધવું પ્રોત્સાહક છે કે આપણા મજબૂત વિકાસકર્તા સમુદાય અને આઇટી સેવાઓમાં પરંપરાગત તાકાતને કારણે ભારતીય ઉદ્યોગ-સાહસો ડિજિટલ અપનાવવામાં તેના સાથીદારો કરતાં ખાસ પાછળ નથી રહ્યા. આઇડીસીનો ડિજિટલ બિઝનેસ સર્વે એ પણ સૂચવે છે. કે સીઈઓ આજે ભારતીય કંપનીઓના ત્રીજા ભાગથી વધુ કંપનીઓમાં ડિજિટલ વ્યૂહરચના ચલાવે છે. ડિજિટલ એજન્ડાને આગળ વધારવા માટે અન્ય ૨૫ ટકા ભારતીય ઉદ્યોગસાહસોએ છેલ્લાં બે વર્ષમાં ચીફ ડિજિટલ ઓફિસર અને ચીફ ડેટા ઓફિસર જેવા નવા હોદ્દાની સ્થાપના

કરી છે. એન્ટરપ્રાઈઝીસને ખ્યાલ છે કે ડિજિટલ બિઝનેસ મોડલ્સ કાર્યકારી કાર્યક્ષમતાને આગળ ધપાવવામાં, નિર્ણય લેવાની પ્રક્રિયામાં વધારો કરવામાં, સ્પર્ધાત્મક લાભમાં વધારો કરવામાં અને સૌથી અગત્યનું, ગ્રાહકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં મદદ કરે છે.

આ ડિજિટલ આલિંગન એ માત્ર સાહસોનું જતન નથી, તેમ છતાં, ભારતીય ઉપભોક્તાએ પણ તેને ઉત્સાહથી અપનાવ્યું છે. ૮૫૦ મિલિયન ઈન્ટરનેટ સસ્ક્રાઈબર્સ સાથે, ૧.૧ અબજ મોબાઈલ ગ્રાહકો (જેમાંથી ૬૩૦ મિલિયન સ્માર્ટફોન વપરાશકર્તાઓ છે), અને ૩૯૮ મિલિયન સોશિયલ મીડિયા પર રોકાયેલા છે.૩ — ભારતમાં પહેલેથી જ કનેક્ટેડ વસ્તી છે. અને આ જોડાયેલ વસ્તી ડિજિટલને અપનાવી રહી છે. ૪ - ડિજિલોકરના ૧૩.૭ કરોડથી વધુ યુઝર્સ છે, યુપીઆઈના ૩૦ કરોડ એક્ટિવ । યુઝર્સ છે અને કોવેઈનમાં ૧.૧ અબજ રજિસ્ટર્ડ વ્યક્તિઓ નોંધાયા છે.

ઉદ્યોગસાહસો અને ઉપભોક્તાઓ સક્રિય પણે ડિજિટલને અપનાવી રહ્યા છે ત્યારે એ સ્પષ્ટ છે કે ભારતનું ડિજિટલ ભણીનું પરિવર્તન વાસ્તવિક, ઉલટાવી ન શકાય તેવું અને વ્યાપક છે. માનનીય આઈટી અને ઈલેક્ટ્રોનિક્સ રાજ્ય મંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખરે તાજેતરમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૬ સુધીમાં ડિજિટલ અર્થતંત્ર ભારતની જીડીપીમાં ૨૦ ટકા પ્રદાન કરશે. આઈડીસી એ જ રીતે ભારતની ડિજિટલ સંભાવનાઓ વિશે બુલિશ છે.

(જયહિન્દ, તા.૧૩-૨-૨૦૨૪માંથી સાભાર)

---

**(અનુ. પાના નં. ૭ નું ચાલુ...)**

સંશોધન કરીને નેનો યૂરિયા અને ડી.એ.પી.નું ઉત્પાદન કર ખેડૂતો સુધી પહોંચાડ્યું છે. તેનાથી ખેડૂતોનું ખર્ચ ઘટશે અને જમીન ખરાબ થશે નહીં. વૈજ્ઞાનિક કૃષિ અપનાવવા માટે 'ડ્રોન' દ્વારા પાક ઉપર દવાનો છંટકાવ કરવામાં આવશે. 'ડ્રોન' પહાડી વિસ્તારો, ફળો, પોષક તત્ત્વ તથા દવા છાંટવાનું કાર્ય કરશે જેનાથી ઉત્પાદન વધશે. નેનો યુરિયા તથા ડી.એ.પી.નું ઈફકોને પેટન્ટ મળી ચૂક્યું છે. આ રીતે આ બજેટનો કૃષિક્ષેત્રને ઘણો ફાયદો થશે.

બજેટમાં આધારભૂત સંરચના વધારવા માટે વિશેષ ભાર આપવામાં આવ્યો છે જેનાથી શ્રમિકોને રોજગારી મળશે.

દેશમાં લગભગ ૪૬૦૦૦ જેટલી શ્રમિક સહકારી મંડળીઓને આનો લાભ ઊઠાવી શકશે. મોટી સહકારીમંડળીઓ જે નવીનતમ ટેક્નોલોજી અને આધુનિક યંત્રો જેવા સંસાધન રાખે છે. તે આધારભૂત સંરચના સ્થાપિત કરવામાં મોટી ભૂમિકા નિભાવી શકે છે અને બજેટનો મોટો હિસ્સો પ્રાપ્ત કરી શકે છે.

(ધ કો-ઓપરેટર, ફેબ્રુઆરી-૨૦૨૪)

યોગદર્શન

# મન મરે, કાયા ઠરે અને વાચા શમે ત્યારે લાગે ધ્યાન

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ પતંજલિના અષ્ટાંગયોગના આઠ પગથિયાં છે. આપણે આઠ પગથિયાંમાંથી સાતમા પગથિયાં ધ્યાનની વિચારણા કરી રહ્યાં છીએ. યોગદર્શન લેખમાળામાં ગયા લેખમાં ધ્યાનમાર્ગની સિધ્ધિમાં પ્રારંભથી અંત સુધી આત્મસંશોધન અને આત્મચિંતન વિચારમાં ધ્યાન એ ઉત્તમ સાધન અંગેની વાત કરી હતી. ધ્યાનમાર્ગના સાધકને યોગાભ્યાસમાં આગળ વધતાં ધીરે ધીરે આત્મિક સમતાની અનુભૂતિ થવા લાગે છે.પરમાનંદ અવસ્થા અનુભવાય છે.ધીમે ધીમે કામનાઓ, વાસનાઓ શમતી જાય છે.માન, મોટાઈ, સ્પર્ધા, આડંબર જેવાં દ્વંદ્વોમાંથી મુક્ત થતો જાય છે. અને અંતરંગ ઐશ્વર્યને માણે છે! ધ્યાનમાર્ગે અભ્યાસ કરતા કરતા સાધક મુક્તપણું પામે છે ! આત્મસ્વરૂપની ઓળખ થાય છે.પરમાત્મસ્વરૂપની પહેચાન થવા લાગે છે.આનંદમય અવસ્થાથી પરમાનંદ અવસ્થા પામે છે... શ્રીમદ્ભગવદ્ગીતાના પાંચમાં અધ્યાયના શ્લોક-૨૧ માં કંઈક આવી જ અનુભૂતિનીવાત છે...

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ-૪૬
મો.૯૬૬૨૮૩૩૨૬૮

**બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્સુખમ્।**
**સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષયમશ્નુતે ॥ ૨૧ ॥**

અર્થાત્- બહારના વિષયોમાં આસક્તિ વિનાના અંતઃકરણવાળો સાધક આત્મામાં સ્થિત જે ધ્યાનજનિત સાત્ત્વિક આનંદ છે, એને પામે છે; એ પછી એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનસ્વરૂપ યોગમાં અભિન્નભાવેસ્થિત માણસ અક્ષય આનંદ અનુભવે છે.

ધ્યાનમાર્ગની પ્રાથમિક યોગ્યતા કેળવવામાં થોડી કઠિનાઈ લાગે છે.પણ ધીમે ધીમે સતત,નિરંતર,નિયમિત અભ્યાસ કરવાથી દિવ્ય અનુભૂતિ થવા માંડે છે. ત્યારે આત્મા પુલકિત થઈ જાય છે.સાધક ધ્યાનમાર્ગનો પરમ ઉપાસક બની જાય છે.સાધક પરમશાંતિ અને પરમસુખ પામે છે. જગતના સર્વે જીવો સુખ ઈચ્છે છે. જીવજંતુઓ, વનસ્પતિઓ પશુપંખીઓથી માંડી મનુષ્ય સર્વે જીવો સુખ સુખ અને સુખની જ ઈચ્છા રાખે છે. પણ સામાન્યતઃ સૌ દૈહિક સુખની ચેષ્ટા સુધી જ પહોંચે છે. જ્યારે સમ્યક વિચારવાનને સાચા સુખનો વિચાર ઉદ્ભવે છે. અને કંઈક વિરલા જીવ તેવા સુખની પ્રાપ્તિ માટે ઉદ્યમી બને છે. તેને માટે ધ્યાન સહજ સુખદાયી નિવડે છે. શુધ્ધતાની પરંપરાએ ધ્યાન દ્વારા અપાર સુખની પ્રાપ્તિ થાય છે.ધ્યાનમાર્ગની સાધનાનું ધ્યેય આત્માના શુધ્ધતત્ત્વને પ્રગટ કરવાનું છે.

ધ્યાનમાર્ગ દ્વારા શુધ્ધ સ્વરૂપની પ્રાપ્તિ સંભવે છે.

સૌરાષ્ટ્રના ગંગાસતીના ભજનની એક કડી લઈએ... વીજળીના ચમકારે મોતી પરોવી લ્યો પાનબાઈ નહિતર અચાનક અંધકાર થાશે. વીજળીનો ચમકારો એટલે પ્રકાશ, અને માત્ર ક્ષણભરના ચમકારા બાદ તરત જ અંધકાર... થઈ જાય છે. ચોમાસાની ઋતુ દરમ્યાન આપણે સૌએ વીજળીના ચમકારા, તેજ લિસોટા તો જોયા હશે, અનુભવ્યા હશે.પણ ગંગાસતીજી જે ચમકારો અને મોતિડાં અને અંધકારની ભજનમાં વાત કરે છે તે તો સઘળી તાત્ત્વિક, આધ્યાત્મિક છે. વીજળીનો ચમકારો આંખના પલકારા જેવો ક્ષણિક હોય છે.આ પળવારમાં મોતી પરોવવા માટે સમગ્ર ધ્યાન પ્રકાશ, સોયનું નાકુ અને દોરામાં એકલીન થઈ જાય ત્યારે જ મોતીડાં પરોવી શકાય...આવું જ ધ્યાનસાધનામાં બેઠાં પછી ધ્યાનની એક ધન્યપળ, ક્ષણે મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ શાંત થઈ જાય છે.ત્યારે ધ્યાનદશામાં આત્માના પરિણામ,ભાવ સ્થિરતા પામે છે. આત્મબોધ વડે વિંધાયેલું મન અનંતકાળની અસત વાસનાઓને ત્યજી આત્મામાં પરોવાઈ જાય છે. અર્થાત આત્માજ્ઞાન વડે સ્થિરતા પામે છે. ધ્યાનદશાનું અનુભવરૂપ સંવેદન જ મનના સૂક્ષ્મ દોષોને દૂર કરી નાખે છે.

ધ્યાનની એક એક પળ અમૃતબિંદુ સમાન છે. એ ક્ષણભરના સાક્ષાત્કારની અનુભૂતિ વર્ણનાતીત છે ! શુધ્ધ સ્વરૂપના અસ્તિત્વના અનુભવની તે ઝલક માત્ર છે. એટલે ધ્યાનમાર્ગના સાધક માટે નિર્વિચાર, નિર્વિકલ્પ ધ્યાન તત્વની સમજ કે ચિત્તની નિર્દોષતા, નિર્મળતા વગર ધ્યાન માત્ર કલ્પના બની રહે છે. તેથી સાધકે ધ્યાનદશાના અમૃતત્ત્વનું રહસ્ય ગંભીરતાપૂર્વક સમજી લેવું જરૂરી છે.અને આ સમજ જ્ઞાની, ગુરૂ જ સાચી રીતે સમજાવી શકે.

જેમ સાકર બોલવાથી ગળપણનો સ્વાદ આવતો નથી.અગ્નિ શબ્દથી વસ્તુને બાળી શકાતી નથી.જળ બોલવાથી તૃષા છીપતી નથી. લાડુની કલ્પનાથી ભૂખ શમતી નથી.સૂક્ષ્મ કે સ્થૂલ દરેક પદાર્થનો અનુભવ તે તેનું તત્ત્વ છે. સ્વાનુભવ તે આત્મતત્ત્વને પામવાનું રહસ્ય છે.ધ્યાનમાર્ગના અભ્યાસથી પ્રગટેલું સામર્થ્ય આત્મતત્ત્વની આડે આવતા અંતરાયો દૂર કરવાની ગુરૂચાવી છે.

સામાન્ય મનુષ્ય માટે ધ્યાન એ અપરિચિત માર્ગ છે. આ માર્ગનું રહસ્ય પામવા મૂલ્ય ચૂકવવું પડે છે.જીવનમાં પરિવર્તન લાવવું પડે છે.આ માટે મનને શાંત કરવાનું છે.કાયાને સ્થિરતા આપવાની છે. વાચા-વાણીને વિરામ આપવાનો છે. એટલે કે મન મરે, કાયા ઠરે અને વાચા શમે ત્યારે ધ્યાન લાગે. ધ્યાન થાય.

ચોમેર વરસતા વરસાદનાં ટીપાં જ્યારે સરોવરમાં પડે છે ત્યારે અન્યત્ર નાળાઓમાંથી તે વર્ષાનું જળ ચારે દિશામાંથી સરોવરમાં ભળે છે અને સરોવર જળથી લહેરાવા લાગે છે.સરોવર છલકાઈ જાય છે. આવી જ રીતે ધ્યાનદશાની અનુભવની પળ પ્રગટે છે ત્યારે આત્માના પ્રદેશે પ્રદેશે તેનો આનંદ પ્રવાહિત થાય છે અને આત્મારૂપી અમૃતસરોવર સત ચિત આનંદરૂપી ગુણોથી છલકાઈ જાય છે ! ધ્યાનસાધનામાં બેઠેલાં સાધકની આ પળે સાધના સાર્થક થઈ લેખાય...ઓમ...

પાવકપર્વ

# વિકટ પરિસ્થિતિમાં સધિયારો આપતી સંજીવની હનુમાન ચાલીસા

આપણે મોતને અટકાવી શકતા નથી, પરંતુ મોતને સુધારવા માટે આપણા સંતોએ અનેક રામબાણ ઈલાજ સુચવેલ છે. પ્રભુસ્મરણ-ઈશ્વરના ગુણગાન ગાવા તથા સ્તુતિ કરવી. આપણા ઈષ્ટદેવનું સ્મરણ-શ્રવણ-સ્તુતિ જીવને પ્રારબ્ધ ભોગવવામાં ઘણી જ સહાય કરે છે તેમજ સંસારચક્રમાં ફસાયેલા જીવને ભવસાગરમાંથી છોડાવે છે.

સામાન્ય માનવી સમજી-ગાઈ શકે તેવી કોઈ સરળ સ્તુતિ હોય તો તે છે 'હનુમાન ચાલીસા.' સંત તુલસીદાસે આજથી ૪૦૦ વર્ષ પહેલાં આ રચના કરી હતી. આ ચાલીસામાં હનુમાનજીની બૌદ્ધિક ક્ષમતા, અગાધ પ્રભુભક્તિના અદ્‌ભૂત ગુણગાન, પરાક્રમોની ગાથા, ભક્તિની પરાકાષ્ઠાની પ્રસ્તુતિ કરી છે. આ લઘુ ચાલીસામાં વેદ-ઉપનિષદ, ગીતાના કર્મજ્ઞાન અને ભક્તિનો ત્રિવેણી સંગમ, ગાગરમાં સાગર ભરી કુશળતાથી આપણા માટે રજૂ કર્યો છે.


**વિનોદ એમ. મકવાણા**
**રાજકોટ**
નિવૃત્ત રાજ્ય વેરા અધિકારી
રાજકોટ, મો.૯૪૨૭૨૦૦૦૯૬


હનુમાન ચાલીસામાં બે દોહા તથા ૪૦ ચોપાઈઓ છે. જે કુલ ૪૧૮ શબ્દો અને ૧૦૪૧ અક્ષરોની બનેલી છે. આ ચાલીસામાં હનુમાનજીના કુલ ૧૦૮ નામ આવે છે. દા.ત. કેસરીનંદન, પવનકુમાર, મહાવીર, બજરંગી, અંજનીપુત્ર વગેરે તેમજ ૨૫ વિશેષ વ્યક્તિના નામનો સમાવેશ થયેલ છે. જેમકે, ભીમ, બ્રહ્મા, અંજની, વિક્રમ, શંકર, લક્ષ્મણ, ભરત, શ્રીપતિ, સનક, નારદ, કુબેર, સુગ્રીવ, રાવણ, દિકપાલ, વિભીષણ વગેરે.

હનુમાન ચાલીસામાં આપણા શરીરના કુલ ૧૨ અંગોના નામનો ઉલ્લેખ છે. જેમકે કાન, હાથ, કાંધો, મન, ઉર, ચરણ, બદન, કંઠ, હૃદય, મુખ અને ચિત્ત. આ સિવાય, સંખ્યાવાચક શબ્દો પ્રયોજાયા છે. જેવાંકે, તીનોલોક, જો ફલ ચારિ, અષ્ટસિદ્ધિ, નવનિધિ સતબાર વગેરે. અગત્યની વાત હનુમાન ચાલીસામાં સૌથી વધુ વખત એક જ શબ્દ ભગવાન રામ શબ્દ ૧૦ વાર આવે છે. આમ કવિ તુલસીદાસે ચાલીસામાં આંકડા-શબ્દોનું પૂર્ણ સંતુલિત અને સંયોજન કરી, તેમાં રહેલા અનેક ગૂઢ-દાર્શનિક તત્ત્વોનો સંકેત આપે છે. આથી હનુમાન ચાલીસાને માનવમાંથી મનુષ્યત્વ પ્રગટ કરવાની એક મશાલ-સંજીવની

કહી શકાય.

નિરાશા-હતાશાએ મનનો કબજો લીધો હોઈ માણસ ચારે બાજુથી ઘેરાયેલો હોઈ, કોઈ માર્ગ સૂઝતો ન હોય આવી વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો કોઈ રામબાણ ઈલાજ હોય તો તે છે 'હનુમાન ચાલીસા'. આપણા જીવનની અનેક વિટંબણા-મુશ્કેલીનો જવાબ આ ૪૦ ચોપાઈઓમાં છૂપાયેલો છે જે આપણને ડગલે ને પગલે માર્ગદર્શન આપે છે. જે આ પ્રમાણે છે.

**(૧) કોઈપણ કાર્યની શરૂઆત કેમ કરવી ?**

શ્રી ગુરુ ચરણ સરોજ રજ...પોતાના ગુરુના ચરણોમાં મનરૂપી દર્પણને પવિત્ર કરી, કાર્યનો શુભારંભ કરવો. ગુરુનું સતત સ્મરણ કરવાથી સંકટ સમયમાં તેનું સાંનિધ્ય માર્ગદર્શન મળે છે. તેમના ઉપદેશ દ્વારા દુર્ગુણોનો નાશ થાય છે. આથી ચોક્કસ મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. આમ સફળતાનું પ્રથમ પગથિયું છે.

**(૨) આપણું શરીર કેવું રાખવું ? (ડ્રેસકોડ)**

કંચન બરન બિરાજ સુબેસા...હનુમાનજીનો સિંદૂર વેશ શરીર સૌષ્ઠવ આપણને શીખવે છે કે, મનુષ્યનો દેખાવ, પહેરવેશ, રહેણીકરણી અને ભાષા વિગેરે એવા હોવા જોઈએ કે તમારા વ્યક્તિત્વમાં કોઈ શંકા ન કરે. તમે સહજ રીતે બીજાનો વિકાસ સંપાદન કરી શકો. યોગ, પ્રાણાયામ, કસરત કરી, શરીર સૌષ્ઠવ જાળવી રાખવું. તંદુરસ્ત તન એ આપણું હાથવગું શ્રેષ્ઠ ઓજાર છે.

**(૩) જીવનમાં કાર્યની સંપૂર્ણ સફળતા માટે શું જરૂરી છે ?**

**હનુમાન ચાલીસામાં બે દોહા તથા ૪૦ ચોપાઈઓ છે. જે કુલ ૪૧૮ શબ્દો અને ૧૦૪૧ અક્ષરોની બનેલી છે. આ ચાલીસામાં હનુમાનજીના કુલ ૧૦૮ નામ આવે છે. દા.ત. કેસરીનંદન, પવનકુમાર, મહાવીર, બજરંગી, અંજનીપુત્ર વગેરે તેમજ ૨૫ વિશેષ વ્યક્તિના નામનો સમાવેશ થયેલ છે. જેમકે, ભીમ, બ્રહ્મા, અંજની, વિક્રમ, શંકર, લક્ષ્મણ, ભરત, શ્રીપતિ, સનક, નારદ, કુબેર, સુગ્રીવ, રાવણ, દિકપાલ, વિભીષણ વગેરે. હનુમાન ચાલીસામાં આપણા શરીરના કુલ ૧૨ અંગોના નામનો ઉલ્લેખ છે. જેમકે કાન, હાથ, કાંધો, મન, ઉર, ચરણ, બદન, કંઠ, હૃદય, મુખ અને ચિત્ત. આ સિવાય, સંખ્યાવાચક શબ્દો પ્રયોજાયા છે. જેવાંકે, તીનોલોક, જો ફલ ચારિ, અષ્ટસિદ્ધિ, નવનિધિ સતબાર વગેરે. અગત્યની વાત હનુમાન ચાલીસામાં સૌથી વધુ વખત એક જ શબ્દ ભગવાન રામ શબ્દ ૧૦ વાર આવે છે.**

વિદ્યાવાન ગુની અતિ ચાતુર...જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં જોડાવ ત્યારે ફક્ત ડિગ્રી નથી કામ લાગતી. પરંતુ સાથોસાથ ચતુરાઈ, કોઠાસૂઝ, આતુરતા, શ્રદ્ધા અને કામમાં તત્પરતા, ધગશ વગેરે ગુણોનો સમન્વય થાય તો જ કાર્ય સિદ્ધિ થાય.

**(૪) જીવનમાં ક્યાં કેવો વ્યવહાર કરવો ?**

સૂક્ષ્મ રૂપ ધરી સિયહિ દિખાવા...કોઈપણ કાર્ય કરવા માટે આપણે જોઈએ ત્યારે સામેની વ્યક્તિની વૃત્તિ-સ્વભાવ કઈ રીતે સમજી શકે છે ? તે ધ્યાને લઈ તેની સાથે વર્તન કરવું જોઈએ. દા.ત. હનુમાનજીએ પોતાની નમ્રતા સીતામાતા સમક્ષ વ્યક્ત કરવા સૂક્ષ્મ રૂપ બતાવ્યું. વિકરાળ રૂપ ધરી રાક્ષસોને માર્યા. આમ જેવા સાથે તેવા બની વ્યવહાર કરવો જોઈએ.

**(૫) આપણા જીવનમાં સંકટ, ભૂતપિશાચ-રોગનું નિવારણ કેમ કરવું ?**

ભૂત પિશાચ નિકટ નહિ આવે...એક કથા અનુસાર હનુમાનજી મહારાજે શનિ મહારાજને કષ્ટોમાંથી મુક્તિ અપાવી હતી. પોતાની રક્ષાનું ઋણ ચૂકવવા માટે શનિદેવે પવનપુત્રને વચન આપ્યું હતું કે, "જે વ્યક્તિ આપની પૂજા-ઉપાસના કરનારને ક્યારેય કષ્ટ નહીં આપે. પરંતુ તેમની રક્ષા કરશે." આમ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં હનુમાન ચાલીસાનો પાઠ કરવાથી સંકટમાં સધિયારો મળે છે. આથી સંકટમોચન કહેવાયા છે.

આમ હનુમાન ચાલીસાની ચોપાઈઓમાં ૪૦ કથાઓ રોજબરોજની જિંદગીમાં ખાલીપો ભરી દેનારી, અમૃતવાહિની છે. આ લઘુ ચાલીસા આખેઆખી બોલતા-વાંચતા માત્ર ૪થી ૫ મિનિટ થાય. આનો પાઠ ગમે ત્યારે, ગમે તે સમયે, કોઈપણ સ્થિતિમાં કરી શકાય છે. જ્યારે ઉપાસક સાચી શ્રદ્ધા, શુદ્ધ ભાવ અને અવિચલ આસ્થાથી આ ચાલીસાના પાઠ કરે છે, ત્યારે એક એક ચોપાઈ એક ચમત્કારીક મંત્ર બની જાય છે. ઉદાહરણ તરીકે, જો દાયક ફલચારિ...ધર્મ, અર્થ,કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય (૨) નાસે રોગ હરે સબ પીડા (૩) અષ્ટ સિદ્ધિ નવ નિધિ કે દાતા (૪) જનમ જનમ કે દુઃખ બિસરાવે. અંતમાં તુલસીદાસજી ભક્તોને અભય વચન આપતા કહે છે કે, "જો યહ પઢે હનુમાન ચાલીસા, હોય સિદ્ધિ સાખી ગૌરીસા. ગોરીસા એટલે સ્વયમ્ શિવ ભોળાનાથે આની સાક્ષી પૂરી પાડે છે કે, "જે કોઈ માનવ હનુમાન ચાલીસાનો પાઠ કરશે તેને સિદ્ધિ પ્રાપ્ત થશે." તો ચાલો નિયમિત ચાલીસાના પાઠ કરી તેમાં જણાવેલ રામભક્ત હનુમાજીના ગુણો, સેવા, સદાચાર, સહનશીલતા, સમભાવ, સંયમ, કર્મયોગ દ્વારા જીવન જીવી બતાવીશું તો ચોક્કસ મહાવીર બિક્રમ બજરંગીની પૂર્ણ કૃપા દ્વારા રામચરણના અનુરાગી બની શકીશું. તો ચાલો ભાવપૂર્વક વંદન કરીએ

**પવનતનય સંકટ હરન, મંગલ મૂરતિ રૂપ**
**રામ લખન સીતા સહિત, હૃદય બસહુ સુર ભૂપ ॥**
રામ લક્ષ્મણ જાનકી - જય બોલો હનુમાન કી.

પશુપાલન

# ઉનાળાની ઋતુમાં પશુઓની સારસંભાળ

ઉનાળાની કાળઝાળ ગરમી માનવજીવન માટે જ નહિ પણ પશુઓ માટે પણ મુશ્કેલી ઊભી કરે છે. ગરમી અને ભેજના કારણે પશુઓમાં ઘણી બધી સ્વાસ્થ્ય સમસ્યાઓ ઉદ્ભવી શકે છે. આથી, ઉનાળાની ઋતુમાં પશુઓની સારસંભાળ દરમિયાન વિશેષ કાળજી લેવી જરૂરી છે. ઉનાળામાં પશુઓની સારી સંભાળ રાખવી એ તેમના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ખૂબ જ અગત્યની છે. થોડીક તકેદારી લઈને અને અહીં જણાવેલ માહિતીને અનુસરીને, પ્રાણીઓને ઉનાળામાં ગરમીની આડઅસરોથી બચાવી શકાય છે.

**<u>ઉનાળાની ઋતુમાં ગરમીના પ્રકોપને લીધે પ્રાણીઓમાં જોવા મળતી અસરો:</u>**

ગરમીના લીધે પ્રાણીઓની પાચનશક્તિમાં ૧૦-૧૨% જેવો ઘટાડો જોવા મળે છે. પ્રાણીઓનો ખોરાક ઘટી જાય છે જેની સીધી અસર દૂધ ઉત્પાદન પર પડે છે અને દૂધાળા પ્રાણીઓમાં દૂધ ઉત્પાદન ઘટે છે. દૂધના બંધારણમાં પણ ક્યારેક ફેરફાર જોવા મળે છે જેમકે ફેટના ટકા, પ્રોટીન અને લેક્ટોઝનું પ્રમાણ પણ ઘટી જાય છે. ગરમ વાતાવરણના લીધે શરીરમાં ઉત્પન્ન થતાં અંતઃસ્ત્રાવોનું પ્રમાણ પણ ઘટે છે અને ગરમી દૂર કરવા વધારે શક્તિની જરૂર પડે છે અને તેની સીધી અસર વૃદ્ધિદર પર જોવા મળે છે. વૃદ્ધિદર ઘટે છે અને જાનવરની પ્રજનન શક્તિમાં પણ ઘટાડો થાય છે. ગરમીના કારણે શરીરમાંથી ચામડી દ્વારા પરસેવા રૂપે પાણીનો નિકાલ થાય છે જેથી પાણીની જરૂરિયાતમાં પણ ઘણો વધારો થાય છે. જાનવરના શરીરનું તાપમાન અને શ્વસનદર પણ વધે છે.

કેટલીક વખત, ગરમીના તણાવથી પશુ ગરમીમાં કે ઋતુકાળમાં આવતું નથી. ગર્ભધારણ કરેલ પશુના ગર્ભનો વિકાસ નબળો રહે છે અને અતિશય ગરમીના કારણે પશુ તરવાઈ પણ જાય છે. ઉનાળામાં પેદા થતાં વાછરડા કે પાડા ખૂબ જ નબળા હોય છે. તેમનું જન્મ સમયનું વજન પણ ઓછું હોય છે. ઉનાળામાં ભેંસોમાં જોવા મળતી પ્રજનનની નિષ્ક્રિયતા ખેડૂતોને મોટું નુકસાન કરે છે.

**ડૉ. સંજય વાઘેલા, ડૉ. કમલેશ સાદરીયા, ડૉ. વૈદેહી સરવૈયા, ડૉ. શૈલેષ ભાવસાર**
વેટરનરી ફાર્મેકોલોજી અને ટોક્સીકોલોજી વિભાગ,
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય,
કામધેનુ વિશ્વવિદ્યાલય, આણંદ

શારીરિક વિકાસ રુંધાય છે. કયારેક ગરમી તથા ભેજવાળા વાતાવરણમાં પશુ વસૂકી પણ જાય છે. ગરમીના દિવસોમાં ઘરમાં તથા ગમાણમાં માખીનું પ્રમાણ પણ વધે છે. પ્રાણીઓમાં કૃમિજન્ય રોગોનું પ્રમાણ વધે છે તથા વાયરસજન્ય રોગો પણ વધુ જોવા મળે છે.

## ઉનાળામાં પશુઓની સારસંભાળ માટેના ઉપાયો:

### ૧. પાણીની વ્યવસ્થા:

● પશુઓને પુષ્કળ માત્રામાં તાજુ અને ઠંડું પાણી પીવા માટે આપવું જોઈએ.

● પાણીના વાસણોને દિવસમાં બે-ત્રણ વાર સાફ કરીને તાજુ પાણી ભરવું જોઈએ.

● ગરમીના કારણે પાણી ઝડપથી બાષ્પિભવન થઈ જાય છે, તેથી પાણીના વાસણોને છાયડામાં રાખવા જોઈએ.

● હવાડાની નિયમિત સફાઈ કરી ચુનાથી ધોળવા જોઈએ.

### ૨. છાયાવાળુ આશ્રયસ્થાન:

● પશુઓને ગરમીથી બચવા માટે પૂરતો છાયો અને આશ્રય મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

● ઝાડ નીચે, શેડ કે પંખાની વ્યવસ્થાવાળા આશ્રયસ્થાન શક્ય હોય તો બનાવી શકાય.

● પશુઓને રાખવા માટેના વાડામાં પૂરતી હવાની અવરજવર થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

● પશુના રહેઠાણ નજીક ઘટાદાર છાયડાવાળા વૃક્ષો ઉછેરી પ્રાણીઓને આશરો આપી શકાય છે.

### ૩. ખોરાક:

● ઉનાળામાં પશુઓની પાચનશક્તિ નબળી પડે છે, તેથી તેમને હળવો અને પૌષ્ટિક ખોરાક આપવો જોઈએ.

● લીલા ઘાસ, શાકભાજી, ફળો અને ઘઉં, ચોખા, જુવાર, બાજરી જેવા અનાજનો સમાવેશ કરવો જોઈએ.

● ખોરાકમાં ખનિજ મિશ્રણ અને વિટામિન ઉમેરવા જોઈએ.

● ગરમીમાં ખોરાકમાં રેસાનું પ્રમાણ ઘટાડવું જોઈએ. રેસાનું પ્રમાણ ઘટાડવાથી શરીરમાં ગરમી ઓછી ઉત્પન્ન થશે. આહારમાં ચરબીનું પ્રમાણ વધારવું જોઈએ જેથી શક્તિનું પ્રમાણ વધે. આહારમાં ચરબીનું પ્રમાણ ૩.૫% રાખવામાં આવે તો પેટના જીવાણુંઓ પર પ્રતિકૂળ અસરો થતી નથી.

● લીલા ઘાસચારાનું પ્રમાણ વધારવું જોઈએ.

### ૪. સ્નાન:

● ગરમીથી રાહત મળે તે માટે પશુઓને દરરોજ નવડાવવા જોઈએ.

● ઠંડા પાણીથી નવડાવવાથી શરીરનું તાપમાન ઘટે છે અને લોહીનું પરિભ્રમણ વધે છે.

● નવડાવ્યા પછી પશુઓને પૂરતો છાયડો આપવો જોઈએ.

● બપોરના સમયે પ્રાણી પર ત્રણથી ચારવાર પાણીનો છંટકાવ કરવો જોઈએ.

## ૫. રોગચાળાનું નિયત્રંણઃ

● ઉનાળામાં રોગચાળો ફેલાવાનું જોખમ વધી જાય છે.

● પશુઓને રસી આપીને ચેપીજન્ય રોગોથી (ખરવા-મોવાસા, ગળસૂંઢો, ગાઠીયો તાવ અને એન્થ્રેક્સ) બચાવી શકાય છે.

● પશુઓમાં કોઈ પણ પ્રકારના રોગના લક્ષણો દેખાય તો તાત્કાલિક પશુચિકિત્સકની સલાહ લેવી જોઈએ.

## ૬. અન્ય તકેદારીઃ

● ગરમીમાં પશુઓને બહાર ખેતરમાં લઈ જવાનું ટાળવું જોઈએ.

● જો પશુઓને બહાર લઈ જવાની જરૂર હોય તો સવાર કે સાંજના સમયે લઈ જવા જોઈએ.

● પશુઓને ગરમીમાં ભારે કામ કરવા માટે દબાણ ન કરવું જોઈએ.

## ઉનાળાની ઋતુમાં વિવિધ જાતિના પ્રાણીઓની સંભાળઃ

અત્રે વર્ણવેલી સામાન્ય તકેદારીઓ ઉપરાંત, વિવિધ પ્રાણીઓની જુદી જુદી જરૂરિયાતો મુજબ તેમની વિશેષ સંભાળ રાખવી જરૂરી છે. અહીં વિવિધ જાતિના પ્રાણીઓ માટે ઉનાળાની ઋતુમાં લેવામાં આવતી તકેદારીની માહિતી આપવામાં આવી છે.

### ૧. ગાય અને ભેંસઃ

● ગાય કે ભેંસને ગરમીથી બચાવવા માટે ઠંડું પાણી પીવડાવવું અને તેમને નવડાવવું ખાસ જરૂરી છે.

● ખોરાકમાં લીલા ઘાસનું પ્રમાણ વધારવું જોઈએ અને ઘઉં, ચોખા જેવા ઠંડા પડતા અનાજ આપવા જોઈએ.

● દૂધાળા પ્રાણીઓનું વધારે ધ્યાન રાખવું જોઈએ અને તેમને પૂરતો આરામ આપવો જોઈએ.

● ભેંસોના શરીર પર ભીની માટીનો લેપ પણ કરી શકાય.

### ૨. ઘોડાઃ

● ઘોડાઓને ઉનાળાની ગરમીમાં થાક લાગવાની શક્યતા વધારે રહે છે, તેથી તેમની પાસે વધારે પડતું કામ ન કરાવવું જોઈએ.

● ઘોડાઓને ઠંડા અને છાયાવાળા સ્થળે રાખવા જોઈએ.

● ઘોડાઓને તાજુ અને ઠંડુ પાણી પીવા માટે આપવું જોઈએ.

### ૩. ઘેટાં અને બકરાંઃ

● ઘેટાં અને બકરાંને ઠંડા અને છાયાવાળા વાડામાં રાખવા જોઈએ.

● ખોરાકમાં લીલા ઘાસ અને સૂકા ઘાસનું સંતુલન જાળવવું જોઈએ.

● બાહ્યપરોપજીવીઓનો ઉપદ્રવ અટકાવવા માટે નિયમિતપણે દવાનો છંટકાવ કરવો જોઈએ.

**૪. કૂતરા અને બિલાડીઓ:**

● કૂતરા અને બિલાડીઓને સીધા સૂર્યપ્રકાશમાં રાખવાનું ટાળવું જોઈએ.

● તેમને ઠંડું પાણી પીવા માટે પુષ્કળ માત્રામાં આપવું જોઈએ.

● રમતગમતની પ્રવૃત્તિઓ સવાર કે સાંજના સમયે કરાવવી જોઈએ.

**૫. મરઘાં:**

● મરઘાંઓને ગરમીથી બચવા માટે પૂરતી હવાની અવરજવર થતી હોય તેવી જગ્યાએ રાખવા જોઈએ.

● જો શક્ય હોય તો મરઘાં ફાર્મમાં છત ઉપર સ્પ્રિંકલર (ફુવારા દ્વારા પાણીનો છંટકાવ)ની વ્યવસ્થા કરવી જોઈએ જેથી મરઘાં ઘરનું તાપમાન નીચું જળવાઈ રહે છે.

આમ, ઉનાળાની ઋતુમાં પ્રાણીઓમાં વિશિષ્ટ તકેદારીના ભાગરૂપે તાજું અને ઠંડું પાણી પુષ્કળ માત્રામાં આપવું, પશુને છાયડાવાળું આશ્રયસ્થાન આપવું કે પશુના નિવાસ નજીક ઘટાદાર છાયડાવાળા વૃક્ષો ઉછેરવા, યોગ્ય સુપાચ્ય ખોરાક આપવો ખાસ કરીને લીલો ચારો તેમજ રાત્રિ દરમિયાન પણ નિરણ કરવું, ઠંડાં પાણીથી સ્નાન કરાવવું, ઉનાળાના રોગ-ચાળા સામે રસી મુકાવવી વગેરે બાબતો પર પુરતું ધ્યાન આપવાથી ઉનાળામાં પશુનું સ્વાસ્થ્ય અને ઉત્પાદન ક્ષમતા જાળવી શકાય છે. ઉપરોક્ત જણાવેલ ઉનાળામાં પશુ માવજત ઉપરાંત જો પશુ કોઈ ચેપી કે અન્ય રોગોથી બિમાર પડે તો સત્વરે પશુચિકિત્સા અધિકારીનો સંપર્ક કરી યોગ્ય સારવાર કરવા પશુપાલકોને ભલામણ છે.

**ગરમીના લીધે પ્રાણીઓની પાચનશક્તિમાં ૧૦-૧૨% જેવો ઘટાડો જોવા મળે છે. પ્રાણીઓનો ખોરાક ઘટી જાય છે જેની સીધી અસર દૂધ ઉત્પાદન પર પડે છે અને દૂધાળા પ્રાણીઓમાં દૂધ ઉત્પાદન ઘટે છે. દૂધના બંધારણમાં પણ ક્યારેક ફેરફાર જોવા મળે છે**

● પાણીની ટાંકીઓને છાયામાં રાખવી જોઈએ અને નિયમિતપણે તાજુ પાણી ભરવું જોઈએ.

● ખોરાકમાં પ્રોટીન અને ખનિજ પદાર્થોનો સમાવેશ કરવો જોઈએ.

● મરઘાં રહેઠાણનાં ફરતે ગ્રીન નેટ કે કોથળા બાંધી સીધો તડકો લાગવાથી બચાવી શકાય છે.